# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા I સ્થાપના ૨૦૧૦ I વર્ષ : ૦૩ અંક : ૩૪૦ I વિક્રમ સંવત ૨૦૮૧ : અષાઢ વદ ૦૪ I પાના - ૦૮ I કિંમત : ૪ I અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 03 • Issue : 340 • Dt.14-07-2025 Monday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125




P.07

જેનલિયા દેશમુખ મસ્તી ફોરમાં કેમિયો કરી રહી હોવાની ચર્ચા



P.07

જાન્હવી કપૂર કથિત બોયફ્રેન્ડ સાથે વિમ્બલ્ડન પહોંચી

સહાય કેન્દ્રો નજીક ભોજન-પાણી માટે વલખાં મારતાં ૭૯૮ લોકોનાં મોત 07



14 JULY- 2025 MONDAY



07 રશિયાના સૌથી મોટા હુમલાથી યુક્રેન ધણધણી ઉઠ્યું । એક જ રાતમાં ૬૦૦ ડ્રોનથી તબાહી મચાવી

સરકારી કામગીરી અને કોન્ટ્રાક્ટરો પર ભ્રષ્ટાચારના ગંભીર સવાલો ઉભા થયા

## છોટાઉદેપુર જિલ્લાના કોંગ્રેસના કાર્યકરો અને ખેડૂતો આ ઘટના અંગે તપાસની માંગ કરી રહ્યા છે

# ૨૨૫ કરોડના ખર્ચે કેનાલનું નવીનીકરણ । લોકાર્પણ પહેલા જ ગાબડાં-તિરાડો!

### ૧૯૭૮માં શરૂ થયેલી આ યોજનાની કેનાલોનું બાંધકામ વર્ષ ૧૯૮૫-૮૬માં પૂર્ણ થયું હતું, જેનાથી છોટાઉદેપુરના પાવીજેતપુર અને બોડેલી તાલુકાના ૯૨ ગામોના ૧૭,૦૯૪ હેક્ટર અને પંચમહાલ જિલ્લાના ૩૯ ગામોના ૩,૬૦૭ હેક્ટર પિયત વિસ્તારમાં સિંચાઈની સુવિધા મળતી હતી

। પ્રતિનિધિ, છોટાઉદેપુર, તા.૧૩ ।

જિલ્લાના સુખી જળાશય યોજનાની કેનાલોનું ૨૨૫ કરોડ રૂપિયાના ખર્ચે નવીનીકરણ કરવામાં આવ્યું છે, પરંતુ આ કેનાલનું વિધિવત લોકાર્પણ થાય તે પહેલાં જ કેનાલોમાં મોટા ગાબડાં અને તિરાડો પડી જોવા મળી રહી છે. જેથી સરકારી કામગીરી અને કોન્ટ્રાક્ટરો પર ભ્રષ્ટાચારના ગંભીર સવાલો ઉભા થયા છે, જ્યારે કોંગ્રેસના કાર્યકરો અને ખેડૂતો આ ઘટના અંગે તપાસની માંગ કરી રહ્યા છે.છોટાઉદેપુર જિલ્લાના ડુંગરાવાંટ ગામે નિર્મિત સુખી જળાશય યોજના જિલ્લાનો સૌથી મોટો સિંચાઈ પ્રોજેક્ટ છે. ૧૯૭૮માં શરૂ થયેલી આ યોજનાની કેનાલોનું બાંધકામ વર્ષ ૧૯૮૫-૮૬માં પૂર્ણ થયું હતું, જેનાથી છોટાઉદેપુરના પાવીજેતપુર અને બોડેલી તાલુકાના ૯૨ ગામોના ૧૭,૦૯૪ હેક્ટર અને પંચમહાલ જિલ્લાના ૩૯ ગામોના ૩,૬૦૭ હેક્ટર પિયત વિસ્તારમાં સિંચાઈની સુવિધા મળતી હતી. આ યોજનાએ ખેડૂતોના જીવનમાં સમૃદ્ધિ લાવી, પરંતુ વર્ષો બાદ કેનાલોની સ્થિતિ બગડતાં સરકારે આધુનિકીકરણ કરવાનો નિર્ણય લીધો હતો.જે બાદ સરકારે જમણા અને ડાબા કાંઠાની કેનાલોનું ૨૨૫ કરોડના ખર્ચે નવીનીકરણ કર્યું, પરંતુ હજુ પાણી છોડવામાં આવે તે પહેલાં જ કેનાલોમાં મોટા ગાબડાં અને તિરાડો જોવા મળી રહી છે. ખેડૂતોનું કહેવું છે કે જૂની કેનાલો દ્વારા સિંચાઈનું પાણી મળતું હતું, પરંતુ નવી કેનાલોની આવી હાલત જોઈને હવે પાણી મળશે કે નહીં તેની ચિંતા સતાવી રહી છે.




સ્થાનિક ખેડૂતો કહે છે, ''અમે વિચાર્યું હતું કે નવી કેનાલો બનવાથી ખેતીને વધુ ફાયદો થશે, પણ આ તો પાણી છોડતા પહેલાં જ તૂટી ગઈ. આમાં મોટો ભ્રષ્ટાચાર થયો હોવાનું લાગે છે.''કેનાલોની જર્જરિત હાલત જોઈ કોંગ્રેસના કાર્યકરો ઘટનાસ્થળે પહોંચ્યા અને ગાબડાં પાસે ઊભા રહી સૂત્રોચ્ચાર કર્યા હતા. કોંગ્રેસના નેતાઓએ આક્ષેપ કર્યો કે, ''૨૨૫ કરોડનો ખર્ચ કરવા છતાં કેનાલોની આ હાલત એ સ્પષ્ટ કરે છે કે કોન્ટ્રાક્ટરો અને સંબંધિત અધિકારીઓએ ભ્રષ્ટાચાર આચર્યો છે.

### ભયાનક દુર્ઘટનામાંથી બહાર આવવા માટે મનોચિકિત્સકની મદદ લઈ રહ્યા છે

# અમદાવાદ શહેર વિમાન દુર્ઘટનામાં બચી ગયેલા એકમાત્ર વ્યક્તિ વિશ્વાસ કુમાર રમેશ આઘાતમાં

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

૧૨ જૂનના રોજ એર ઈન્ડિયા વિમાન દુર્ઘટનામાં બચી ગયેલા એકમાત્ર વ્યક્તિ વિશ્વાસ કુમાર રમેશ માટે, આ અનુભવ તેમના જીવનનો સૌથી મોટો સંઘર્ષ બની ગયો છે. આ ભયાનક દુર્ઘટનામાંથી બહાર આવવાના પ્રયાસમાં, તે હવે માનસિક સ્વાસ્થ્ય નિષ્ણાતોની મદદ લઈ રહ્યો છે. તેના પિતરાઈ ભાઈએ માહિતી આપી કે વિશ્વાસ આ આઘાતમાંથી બહાર આવવા માટે નિયમિતપણે મનોચિકિત્સકની સલાહ લઈ રહ્યો છે.આ ઘટના ત્યારે બની જ્યારે લંડન જતું એર ઈન્ડિયાનું બોઈંગ ૭૮૭ ડ્રીમલાઈનર વિમાન અમદાવાદ એરપોર્ટ પરથી ઉડાન ભર્યાના થોડીવાર પછી જ ક્રેશ થયું. ભારતીય મૂળના બ્રિટિશ નાગરિક ૪૦ વર્ષીય વિશ્વાસ આ અકસ્માતમાં બચી ગયેલા એકમાત્ર મુસાફર હતા. આ દુર્ઘટનામાં વિમાનમાં સવાર ૨૪૧ મુસાફરો, જેમાં તેનો ભાઈ અજય પણ સામેલ હતો, મૃત્યુ પામ્યા. આ ઉપરાંત જમીન પર રહેલા ૧૯ લોકોનું પણ મૃત્યુ થયું. આ અકસ્માતે વિશ્વાસનું જીવન સંપૂર્ણપણે બદલી નાખ્યું છે.વિશ્વાસનો પિતરાઈ ભાઈ સની, જે વિશ્વાસનો પિતરાઈ ભાઈ છે, તેણે કહ્યું, ''અકસ્માતની ભયાનક યાદો, ચમત્કારિક બચાવ અને ભાઈ ગુમાવવાનું દુઃખ હજુ પણ વિશ્વાસને અંદરથી હચમચાવી દે છે. વિદેશમાં રહેતા અમારા સંબંધીઓ વિશ્વાસની હાલત જાણવા માટે વારંવાર ફોન કરે છે. પરંતુ તે કોઈની સાથે વાત કરતો નથી. તે હજુ પણ તે અકસ્માત અને તેના ભાઈના મૃત્યુના આઘાતમાંથી સંપૂર્ણપણે બહાર આવ્યો નથી. તે હજુ પણ રાત્રે મધ્યમાં અચાનક જાગી જાય છે અને ફરીથી ઊંઘી શકતો નથી.







## બનાસકાંઠાથી રોજગારી માટે નવસારી આવેલા બે યુવાનોના ટ્રેનની અડફેટે આવતા મોત

। પ્રતિનિધિ, નવસારી, તા.૧૩ ।

બનાસકાંઠામાં આવેલ ધાનેરાના શેરા ગામના બે યુવાનો નવસારી કામ માટે આવ્યા હતા, ત્યારે તેઓ જૂનો ફાટક બંધ હોવા છતાં રાત્રે ટૂંકા રસ્તે રેલ્વે ક્રોસ કરી રહ્યા હતા, ત્યારે અચાનક માલગાડીએ તેમનું મોત નીપજ્યું. એક મિત્રનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું, જ્યારે બીજાનું સારવાર દરમિયાન મૃત્યુ થયું.નવસારી પ્રકાશ ટોકીઝ પાસે રેલ્વે ફાટક બંધ હોવાથી અને ફૂટ ઓવરબ્રિજ ન હોવાથી, રાત્રે ૧૨.૨૫ વાગ્યે બે અજાણ્યા યુવાનો રેલ્વે ફાટક ક્રોસ કરી રહ્યા હતા. આ દરમિયાન, માલગાડીની ટક્કરથી કલ્યાણભાઈ ભાથીભાઈ કરમટાનું ઘટનાસ્થળે જ મૃત્યુ થયું અને બીજો યુવાન, ઉત્તમભાઈ વહજીભાઈ કોળી ઘાયલ થયો અને તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો.

## સુરતમાં ફાર્મ હાઉસમાં કેફી પ્રદાર્થ પીવડાવી યુવતી સાથે માણ્યું શરીરસુખ

। પ્રતિનિધિ, સુરત,તા.૧૩ ।

વરાછાની એક કિશોરીને તેના મિત્રો મારફતે સંપર્કમાં આવેલા એક યુવકે, ફરવાના બહાને ફાર્મ હાઉસમાં લઈ જઈને પ્રથમ કિશોરીને નશીલો પદાર્થ પીવડાવ્યો હતો. ત્યારબાદ અર્ધબેભાન હાલતમાં બીભત્સ ફોટા અને વીડિયો ઉતારી તેને વાયરલ કરવાની ધમકી આપી અલગ અલગ ફાર્મ હાઉસમાં લઇ જઈ તેની સાથે બળાત્કાર ગુજાર્યો હતો.યુવકના મિત્રએ પણ સોશિયલ મીડિયા મારફતે જો આ અંગે કોઈને કહેશે તો તને જાનથી મારી નાંખશે એવી ધમકી આપી હતી. આખરે કિશોરીએ હિંમત કરી વરાછા પોલીસ મથકે ફરિયાદ નોંધાવતા પ ોલીસે બંને સામે ગુનો દાખલ કરીને વધુ તપાસ હાથ ધરી હતી. જે બનાવવામાં પોલીસે ફરિયાદના આધારે બે પૈકી હાર્દિક કાછડ નામના આરોપીની ધરપ કડ કરી છે.સુરતના વરાછામાં રહેતી ૧૬ વર્ષીય કિશોરી તેના મિત્રો મારફતે વરાછા સીતાનગર ઈશ્વર નગર સોસાયટીમાં રહેતા હાર્દિક ઘુસાભાઈ કાછડના સંપર્કમાં આવી હતી.

### કેન્દ્ર સરકારે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ના પરિણામો જાહેર કર્યા

# ગુજરાતનું અમદાવાદ શહેર દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઉભરી આવ્યું

**મધ્યપ્રદેશની રાજધાની ભોપાલ બીજા ક્રમે છે. પરંતુ સૌથી ચોંકાવનારો જમ્પ લખનૌએ લગાવ્યો, જેણે ૪૪મા સ્થાનેથી ત્રીજા સ્થાને કૂદકો મારીને સૌને ચોંકાવી દીધા**

। પ્રતિનિધિ, અમદાવાદ, ૧૩ ।

કેન્દ્ર સરકારે સ્વચ્છતા સર્વેક્ષણ-૨૦૨૪ના પરિણામો જાહેર કર્યા છે. આ વખતે ગુજરાતનું અમદાવાદ શહેર દેશના સૌથી સ્વચ્છ શહેર તરીકે ઉભરી આવ્યું છે. મધ્યપ્રદેશની રાજધાની ભોપ ાલ બીજા ક્રમે છે. પરંતુ સૌથી ચોંકાવનારો જમ્પ લખનૌએ લગાવ્યો, જેણે ૪૪મા સ્થાનેથી ત્રીજા સ્થાને કૂદકો મારીને સૌને ચોંકાવી દીધા. આ શહેરોને રાષ્ટ્રપતિ ભવન ખાતે ૧૭ જુલાઈએ યોજાનાર સન્માન સમારોહમાં આમંત્રણ આપવામાં આવ્યું છે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ટોચના શહેરોને પુરસ્કારો આપશે.ખરેખર, ઈન્દોર, સુરત અને નવી મુંબઈ જેવા શહેરો જે સ્વચ્છતા રેક્િંગમાંથી બહાર હતા, તેમણે આ વખતે પણ સ્વચ્છતામાં શ્રેષ્ઠ પ્રદર્શન કર્યું છે. પરંતુ તેમને 'સુપર સ્વચ્છતા લીગ' નામની એક વિશેષ શ્રેણીમાં સામેલ કરવામાં આવ્યા છે. આ શ્રેણી ગયા વર્ષે બનાવવામાં આવી હતી અને સતત ત્રણ વર્ષથી ટોપ-૩માં રહેલા શહેરોને તેમાં સામેલ કરવામાં આવ્યા છે. પ હેલા આ સમયગાળો બે વર્ષનો હતો જે હવે વધારીને ત્રણ વર્ષ કરવામાં આવ્યો છે.સતત સાત વખત દેશનું સૌથી સ્વચ્છ શહેર રહેલું મધ્યપ્રદેશનું ઈન્દોર હવે આ ખાસ લીગમાં છે અને સામાન્ય રેક્િંગમાં તેની ગણતરી કરવામાં આવતી નથી. આ સુપર લીગનો



ઉદ્દેશ્ય ટોચ પર રહેલા શહેરોને એક અલગ શ્રેણીમાં મૂકીને બાકીના શહેરોને વધુ સારી રીતે સ્પર્ધા કરવાની તક આપવાનો છે. આ વખતે આ શ્રેણીમાં કુલ ૧૫ શહેરોનો સમાવેશ કરવામાં આવ્યો છે. જોકે તેમનું રેક્િંગ બહાર પાડવામાં આવ્યું નથી, તેમ છતાં તેમનું મૂલ્યાંકન બાકીના શહેરોની જેમ ૧૨,૫૦૦ પોઈન્ટના આધારે સ્વચ્છતાના વિવિધ પરિમાણો પર કરવામાં આવે છે.દર વર્ષની જેમ, આ વખતે પણ શહેરોનું વસ્તીના આધારે વિવિધ શ્રેણીઓમાં મૂલ્યાંકન કરવામાં આવ્યું છે. ૫૦ હજારથી વધુ અને ૧૦ લાખથી વધુ વસ્તી ધરાવતા શહેરો માટે ખાસ શ્રેણીઓ બનાવવામાં આવી છે. ટોચના શહેરોના સતત સારા પ્રદર્શનને કારણે, અન્ય શહેરોને ટોચ પર આવવાની તક મળી રહી ન હતી. આને ધ્યાનમાં રાખીને, સુપર લીગ શરૂ કરવામાં આવી હતી. જેથી દરેકને સમાન પ્લેટફોર્મ મળી શકે અને દેશમાં સ્વચ્છતાનું સ્તર વ્યાપકપણે સુધરે. આ સ્વચ્છતા સુધારવા માટેની સ્પર્ધાને જીવંત રાખે છે.

## લગ્નનો ખર્ચ કાઢવા વિદેશી પક્ષીઓની ચોરી કરી, ગ્રામ્ય એલસીબીએ પ્લાન નિષ્ફળ બનાવ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

ભરૂચ અને ખેડા જિલ્લામાંથી બકરા અને પશુ ચોરી તેમજ લૂંટ કેસમાં ઝડપાઈ ચૂકેલા રિઢા ગુનેગાર બિશાલ યાદવ વિદેશી પક્ષીઓની ચોરીના કેસમાં ધરપકડ થઈ છે. અમદાવાદના જુહાપુરા વિસ્તારમાં આવેલી પેટ શોપમાંથી ૧૫ લાખના કિંમતી વિદેશી પક્ષીઓ ચોરાતા સ્થાનિક પોલીસ અને અમદાવાદ ક્રાઈમ બ્રાંચ ગુનાનો ભેદ ઉકેલવા મથામણમાં લાગી હતી. દરમિયાનમાં અમદાવાદ ગ્રામ્ય એલસીબી ટીમે મુખ્ય આરોપી અને ચોરાયેલાં વિદેશી પક્ષીઓ શોધી લાવી છે.અમદાવાદના જુહાપુરામાં રોયલ અકબર ટાવરની સામે આવેલી અલસુગરા પેટ શોપમાંથી ગત સોમવારની રાતથી મંગળવારની સવાર દરમિયાન ચોરી થઈ હતી. દુકાનનું શટર ઉંચું કરીને પ્રવેશ કરેલા શખ્સો પાંજરામાં રહેલાં પક્ષીઓ પૈકી ઉંચી કિંમતના ૧૧ વિદેશી પ ક્ષીઓ તેમજ રોકડ ૨૪૦૦ રૂપિયાની ચોરી કરી હતી. આ મામલે વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ચોરીની ફરિયાદ નોંધાઈ હતી. ચોરી થયેલાં પક્ષીઓમાં એક-એક ગ્રીન વીંગ મકાઉ મોલુકન કાંકાટુ ગલેરિટા કાંકાટુ વ્હાઈટ અમ્બ્રેલા કાંકાટુ ,બબ્બે આફ્રિકન ગ્રે એકલેટસ પેરોટ અને ત્રણ બ્લુ ગોલ્ડ મકાઉનો સમાવેશ થાય છે.પશુ ચોરીના કેસોમાં જેલવાસ ભોગવી ચૂકેલા બિશાલ ચંદ્રેશ્વરરાય યાદવે (રહે. કિડની હૉસ્પિટલ સામે, નડિયાદ અને મૂળ રહે. બિહાર) મોબાઈલ ફોનમાં એક રીલ જોઈ હતી.

### હવે એક નવી સોચના અભિયાન હેઠળ ટ્રાફિકના અધિકારીઓ દ્વારા સુરક્ષા, સલામતી, સાવધાની અને સતર્કતાના પાઠ વિદ્યાર્થીઓને ભણાવવામાં આવશે

# હવે શાળામાં બાળકોને દર શનિવારે ટ્રાફિકના પાઠ ભણાવાશે, ટ્રાફિક વિભાગે નવતર પ્રયોગ શરૂ કર્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૧૩ ।

રાજ્યના શિક્ષણ વિભાગે શાળાઓમાં બેગ લેસ ડેના નિર્ણય બાદ ટ્રાફિક વિભાગે દર શનિવારે નવતર પ્રયોગની શરૂઆત કરી છે. હવે અમદાવાદ ટ્રાફિક વિભાગ દર શનિવારે શાળાઓમાં જઈ વિદ્યાર્થીઓને ટ્રાફિક નિયમનના પાઠ ભણાવવાનો નવો વિચાર અમલમાં મૂક્યો છે. એટલે હવે એક નવી સોચના અભિયાન હેઠળ ટ્રાફિકના અધિકારીઓ દ્વારા સુરક્ષા, સલામતી, સાવધાની અને સતર્કતાના પ ાઠ વિદ્યાર્થીઓને ભણાવવામાં આવશે. ટ્રાફિક પોલીસ કોઈ વાહનચાલક ટ્રાફિકના નિયમોનો ભંગ કરે તો તે વાહનચાલકો સામે દંડની કાર્યવાહીના પાઠ ભણાવતી હોય છે. પરંતુ હવે ટ્રાફિકના નિયમોના પાલન માટે ટ્રાફિક



વિભાગે પોતાની સોચ બદલી છે અને એક નવી સોચ અભિયાન શરૂ કર્યું છે. હાલમાં જ રાજ્યના શિક્ષણ વિભાગે પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા ધોરણ ૧થી ૮માં દર શનિવારે બેગ લેસ ડે રાખવા પરિપત્ર કર્યો છે, જેનો અમલ પણ અનેક શાળાઓએ કર્યો છે.શાળાઓમાં શનિવારે બાળકોએ બેગ લઈને નહીં આવવા અને શાળાઓમાં યોગ, સૂર્યનમસ્કાર અને બાળકોને તણાવ મુક્ત રાખવાના કાર્યક્રમો યોજવાના આદેશ કર્યા છે ત્યારે દર શનિવારે બેગ લેસ ડેના નિર્ણયના શાળાઓમાં અમલની સાથે અમદાવાદ ટ્રાફિક પોલીસ વિભાગે આ નિર્ણયને આવકાર્યો છે અને સાથે એક નવા અભિયાનની શરૂઆત કરી છે.એક નવી સોચ અભિયાન હેઠળ વિદ્યાર્થીઓને હવે ટ્રાફિક નિયમનના પાઠ ભણાવવામાં આવશે. અમદાવાદના રાણીપમાં આવેલી નિશાન સ્કૂલમાં અમદાવાદ ટ્રાફિક વિભાગના જેસીપી એન એન ચૌધરી, ટ્રાફિક ઢઝઁ નીતા દેસાઈ સહિત અધિકારીઓએ સ્કૂલમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને ટ્રાફિકના નિયમોના પ ાઠ શીખવ્યા. વિદ્યાર્થીઓને હું હંમેશા ટ્રાફિક રૂલનું પાલન કરીશ તેવી પ્રતિજ્ઞા લેવડાવીઉલ્લેખનીય છે કે ટ્રાફિક વિભાગ દ્વારા વાહન ચલાવતી વખતે હેલ્મેટ પહેરવું કેમ જરૂરી છે, રોંગ સાઈડમાં વાહનો ચલાવવાથી અકસ્માત થઈ શકે છે અને પાર્કિંગની જગ્યામાં જ વાહન પાર્ક કરવા તે વિશે વિદ્યાર્થીઓને માહિતી આપવામાં આવી હતી.

## ઈડરના ચિત્રોડામાંથી ૧૧.૩૬ લાખના ગાંજાનો જથ્થો મળી આવ્યો

। પ્રતિનિધિ, હિંમતનગર, તા.૧૩ ।

ઈડરના ચિત્રોડાના વાડીનાથ મંદિર પાસેના ખેતરમાં બાજરીના પાકની આડમાં ૧૪૭ જેટલા લીલા ગાંજાના છોડ સહિત દોઢ કિલો જેટલો સૂકો ગાંજો ઝડપાયો છે. જાદર પોલીસે બાતમી આધારે રેડ કરતાં પોલીસને ૧૨ લાખ કરતા વધુ ના મુદ્દામાલની એનડીપીએસનો જથ્થો ઝડપી લેવામાં સફળતા મળી છે. પોલીસે બંને આરોપીઓને કોર્ટમાં રજૂ કરી એક દિવસના રિમાન્ડ મેળવ્યા છે સાથોસાથ આરોપ ીઓ ગાંજાને કયા વેચાણ કરતા હતા તેમજ કેટલા સમયથી ગાંજાનું વાવેતર કરવામાં આવ્યું હતું. સહિતની અલગ અલગ દિશામાં તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.સાબરકાંઠાના ઈડર તાલુકાના ચિત્રોડા ગામના મંદિર પાસેના ખેતરમાં રહેલો લાખો રૂપિયાનો લીલા ગાંજાના છોડ ઝડપાયા છે. જાદર પોલીસે બાતમી આધારે ચિત્રોડાના વાડીનાથ મંદિર પાસેના બાજરીના ખેતરમાં રેડ કરી હતી રેડ દરમિયાન બાજરીના ખેતરમાંથી પોલીસને ૧૪૭ જેટલા લીલા ગાંજાના છોડ સહિત આરોપીઓ પાસેથી દોઢ કિલો સૂકો ગાંજો ઝડપાયો હતો મહત્વની બાબત છે કે દિન પ્રતિદિન ગુજરાત સરકાર સહિત ગૃહ વિભાગ એનડીપીએસને લઈ યુવા ધન સહિત નસીલા પદાર્થોના વેચાણ સહિત વાવેતર કરતા આરોપીઓ સામે કડક કાર્યવાહી કરી રહ્યું છે.

## ભાવનગર વરતેજ પોલીસ પર નિર્દોષ યુવાનોને ટાર્ગેટ કરવાના આરોપ

। પ્રતિનિધિ, ભાવનગર, તા.૧૩ ।

ભાવનગર જિલ્લાના વરતેજ પોલીસ સ્ટેશન પર નિર્દોષ યુવાનોને ટાર્ગેટ કરવાના ગંભીર આરોપો લાગ્યા છે. આ મુદ્દે બુધેલ ગામના રાજપૂત સમાજ અને કરણી સેના દ્વારા ઉગ્ર પ્રતિક્રિયા સાથે જિલ્લા કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું છે. આવેદનપત્રમાં પ ોલીસ દ્વારા નિર્દોષ યુવાનોને તડીપાર કરવાના પગલાંનો તીવ્ર વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો છે.વરતેજ પોલીસ સ્ટેશનના અધિકારીઓ દ્વારા બુધેલ ગામના નિર્દોષ યુવાનોને ખોટી રીતે ટાર્ગેટ કરવામાં આવી રહ્યા છે. આ યુવાનો પર ખોટા કેસ નોંધીને તેમને તડીપાર કરવાની કાર્યવાહી કરવામાં આવી રહી હોવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાએ સ્થાનિક સમાજમાં ભારે રોષ ફેલાવ્યો છે, અને રાજપૂત સમાજ તેમજ કરણી સેનાએ આ મામલે એકજૂથ થઈને પોલીસની કાર્યશૈલી સામે વિરોધ નોંધાવ્યો છે.જિલ્લા કલેક્ટરને સોંપવામાં આવેલા આવેદનપત્રમાં રાજપૂત સમાજ અને કરણી સેનાએ આ મામલે તાત્કાલિક તપાસની માંગ કરી છે. તેમણે માંગણી કરી છે કે પોલીસની કાર્યવાહીની નિષ્પક્ષ તપાસ કરવામાં આવે અને નિર્દોષ યુવાનોને ન્યાય આપવામાં આવે. આવેદનપત્રમાં એવી પણ ચેતવણી આપવામાં આવી છે કે, જો આ મુદ્દે યોગ્ય પગલાં નહીં લેવાય તો સમાજ દ્વારા વધુ ઉગ્ર વિરોધ પ્રદર્શન કરવામાં આવશે.




### મહંતની ગાદીને લઈને વિવાદ સર્જાયો છે

# રાજ્યના જૂનાગઢ જિલ્લામાં ભવનાથ મંદિર ફરીથી વિવાદમાં । બે સંતોએ મહંત બનવા અરજી કરી

**હાલના હરિગીરી બાપુની મહંત તરીકેના હોદ્દા પરની સમયમર્યાદા ૩૧મી જુલાઈના રોજ પૂરી થાય છે**





। પ્રતિનિધિ, જૂનાગઢ, તા.૧૩ ।

જૂનાગઢના ભવનાથ મંદિરનો વિવાદ ફરી પાછો ઉપડ્યો છે. મહંતની ગાદીને લઈને વિવાદ સર્જાયો છે. બે સંતોએ મહંત બનવા માટે અરજી કરી છે. સાધુ કૌશિકગીરી અને સંત અમરગીરીએ અરજી કરી છે. કલેક્ટર સમક્ષ મહંતના હોદ્દા માટે અરજી કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે હાલના હરિગીરી બાપુની મહંત તરીકેના હોદ્દા પરની સમયમર્યાદા ૩૧મી જુલાઈના રોજ પૂરી થાય છે. આના પગલે ગુરુશિષ્યની પરંપરાને ધ્યાનમાં રાખીને નિમણૂક કરવાની માંગ કરવામાં આવી છે. મંદિરમાં ટ્રસ્ટના બંધારણ મુજબ નિમણૂક કરવા રજૂઆત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે અગાઉ મહંત તનસુખગીરી બાપુના અવસાન પછી અંબાજી મંદિરની ગાદીનો વિવાદ થયો હતો. તેમના સ્થાને નીમાયેલા હરિગીરી સામે ભૂતનાથ મહાદેવના મહંત મહેશગીરીએ ગંભીર આક્ષેપો કર્યા હતા. તેમણે કલેક્ટર અને હરિગીરી વચ્ચે સાંઠગાંઠના આક્ષેપ કર્યા હતા અને ભૂતપૂર્વ મેયર ગિરીશ કોટેચાને પણ તેમા સંડોવ્યા હતા.

મહેશગીરીએ આક્ષેપ કર્યો હતો કે હરિગીરી મહારાજને ભવનાથ મંદિરના મહંત તરીકે ગેરકાયદે નિયુક્ત કરવામાં આવ્યા હતા અને આ માટે લાંચના સ્પષ્ટ દસ્તાવેજી પુરાવા પણ રજૂ કર્યા હતા. મહંત મહેશગીરીએ હરિગીરી પર તત્કાલિન કલેક્ટર અને અન્ય સાધુઓ સહિત અનેક લોકોને કરોડો રૂપિયા ચૂકવવાનો આરોપ લગાવ્યો હતો.

કલેક્ટર પર નિશાન સાધતા મહેશગીરીએ જણાવ્યું હતું કે, ‘‘મુખ્યમંત્રીની સ્પષ્ટ સૂચના છતાં કલેક્ટર રચિત રાજે ચાર મહિના પહેલા હરિગીરીને મહંત તરીકે પુનઃ નિયુક્ત કર્યા હતા. આ પ્રક્રિયામાં મની લોન્ડરિંગ થવાની પણ શક્યતા છે અને જો તાત્કાલિક પગલાં લેવામાં નહીં આવે તો સત્ય બહાર આવશે.’’’’ મહેશગીરીએ એ પણ સ્પષ્ટ કર્યું કે, ’’જો કોઈ બળ ગિરનારના સાધુ-સંતો પર જુલમ કરશે તો હું ઉભો રહીશ. હું ગિરનારમાં ધર્મ અને પરંપરાને તૂટવા નહીં દઉં. મહેશગીરીએ ચેતવણી આપી હતી કે જો હરિગીરી મહારાજને ૧ ડિસેમ્બર સુધીમાં ભવનાથના મહંત પદેથી દૂર કરવામાં નહીં આવે તો હજારો સાધુ-સંતો સાથે ભવનાથ મંદિરનો કબજો કરવામાં આવશે.

તનસુખગીરી બાપુના અવસાન બાદ અંબાજી મંદિરની ગાદીને લઈને બે પક્ષો વચ્ચે વિવાદ શરૂ થયો હતો. એક તરફ હરિગીરી મહારાજ અને તેમના સમર્થકો છે તો બીજી તરફ મહેશગીરી બાપુ આ પદ પર દાવો કરી રહ્યા છે. બંને વચ્ચે આરોપ-પ્રત્યારોપનો દોર ચાલી રહ્યો છે, જેના કારણે તંત્ર અને સાધુ સમાજમાં ખળભળાટ મચી ગયો હતો. જૂનાગઢના ભવનાથ મંદિરનો વિવાદ ફરી પાછો ઉપડ્યો છે.

### જિલ્લા સ્તરે ૫ સભ્યોની સમિતિ બનાવવામાં આવી છે

## અકસ્માતમાં જીવ બચાવનાર હવે ‘રાહવીર’ તરીકે ઓળખાશે, રાજ્ય સરકાર બમ્પર ઇનામ આપશે

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૧૩ ।

માર્ગ અકસ્માતમાં ઈજાગ્રસ્તોને સમયસર સારવાર મળી રહે તે હેતુથી રાજ્ય સરકારે એક મહત્વનો નિર્ણય લીધો છે. અકસ્માત સમયે ઈજાગ્રસ્તને તાત્કાલિક મદદ કરનાર વ્યક્તિને ‘‘રાહવીર’’ જાહેર કરવામાં આવશે અને તેને સરકાર તરફથી રૂ. ૨૫,૦૦૦ નું ઈનામ અને પ્રશંસા પ્રમાણપત્ર એનાયત કરવામાં આપવામાં આવશે. સરકારએ માર્ગ અકસ્માતના પહેલા એક કલાકને ‘‘ગોલ્ડન અવર’’ માનવામાં આવે છે, જેમાં જરૂરિયાતમંદને તાત્કાલિક સારવાર મળે તો જીવ બચી શકે છે. આ યોજના અંતર્ગત જિલ્લા સ્તરે ખાસ પાંચ સભ્યોની સમિતિ બનાવવામાં આવી છે, જેમાં એસ.પી., કલેક્ટર, ઝ્હઉ્ઁ, ઝ્હર્ં અને ઈ્ને સામેલ કરવામાં આવ્યા છે. આ સમિતિ રાહવીર પસંદગી અને ઈનામ પ્રક્રિયા અંગે નિર્ણય લેશે. આ પગલાથી લોકોમાં અજાણ્યા વ્યક્તિને પણ સમયસર સારવાર માટે આગળ વધવાની ભાવના વધશે અને દુર્ઘટનાના મોતના આંકમાં ઘટાડો થવાની શક્યતા છે.

આ યોજના બાબતે મહેસાણા આરટીઓ અધિકારી સ્વપ્રલ પટેલે જણાવ્યું હતું કે, રાહવીર યોજનાએ સરકાર દ્વારા હમણા જ જાહેર કરવામાં આવી છે. અકસ્માતમાં જે પહેલો ગોલ્ડન અવર કહેવાય છે. જેમાં પહેલો કલાક અકસ્માત થયાના કલાકની અંદર જો આપણે તેમને સારવાર આપી શકીએ તેમજ હોસ્પિટલ ખસેડી શકીએ.

## સી.આર. પાટીલે પુલ અકસ્માતના દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી

। પ્રતિનિધિ, વડોદરા, તા.૧૩ ।

આજે કેન્દ્રીય જળ સંસાધન મંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલ વડોદરાની મુલાકાતે હતાં. સૌ પ્રથમ, તેમણે રેલવે દ્વારા આયોજિત નિમણૂક પત્ર વિતરણ કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ પ્રસંગે તેમણે મીડિયાને પુલ અકસ્માતના દોષિતો સામે કડક કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી. નોંધનીય છે કે તાજેતરમાં વડોદરાના પાદરામાં મુજપુર ગંભીરા પુલ તૂટી પડ્યો હતો. આ અકસ્માતમાં મૃત્યુઆંક અત્યાર સુધીમાં ૧૯ પર પહોંચી ગયો છે. એક વ્યક્તિ હજુ પણ ગુમ છે, તેથી બચાવ કામગીરી ચાલુ છે.કેન્દ્રીય જળ સંસાધન મંત્રી અને ભાજપ પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલે ચાર અલગ અલગ કાર્યક્રમોમાં હાજરી આપી. સૌ પ્રથમ, તેઓ રેલવે દ્વારા આયોજિત નિમણૂક પત્ર વિતરણ કાર્યક્રમમાં હાજર રહ્યા હતા. કાર્યક્રમ પછી, તેમણે મીડિયા સાથે વાત કરી. જેમાં તેમણે પુલ અકસ્માતના દોષિતો સામે કાર્યવાહી કરવાની ખાતરી આપી હતી.મીડિયા સાથે વાત કરતા સી.આર. પાટીલે કહ્યું કે સરકારે પુલ દુર્ઘટનામાં પગલાં લેવાનું શરૂ કરી દીધું છે.

## દોહિત્રએ નાનાની હત્યા કરી લાશ સળગાવી દીધી, ભેદ ખૂલ્યો તો ચોંકાવનારો ખુલાસો થયો

। પ્રતિનિધિ, રાજકોટ, તા.૧૩ ।

રાજકોટના રૈયાધાર પાસે આવેલા મફતિયાપરા વિસ્તારમાં મનસુખભાઈ ટાંક નામના ૭૩ વર્ષીય વૃદ્ધના ઘરમાં આગ લાગતા ધુમાડા નીકળતા હોવાની જાણ પાડોશીઓ તેમજ સગા સંબંધીઓ દ્વારા ફાયર બ્રિગેડને કરવામાં આવી હતી. ફાયર બ્રિગેડ દ્વારા સ્થળ પર પહોંચીને આગ પર કાબુ મેળવવામાં આવ્યો હતો. ત્યારે વૃદ્ધના ઘરમાં અંદર પહોંચેલી ફાયર બ્રિગેડની ટીમે અર્ધ સળગેલી હાલતમાં એક વૃદ્ધની લાશ જોઈ હતી. જેથી સમગ્ર મામલાની જાણ સ્થાનિક યુનિવર્સિટી પોલીસને કરવામાં આવતા પોલીસનો કાફલો ઘટના સ્થળે દોડી આવ્યો હતો. તેમજ જરૂરી પંચનામાં સહિતની કાર્યવાહી પૂર્ણ કર્યા બાદ મૃતકની લાશને પોસ્ટ મોર્ટમ અર્થે પીએમ રૂમ ખાતે ખસેડવામાં આવી હતી. પીએમ રિપોર્ટમાં વૃદ્ધનું મૃત્યુ આકસ્મિક નહીં પરંતુ તેમના માથાના ભાગે બોથડ પદાર્થના એકથી વધુ ઘા મારવામાં આવ્યા હોવાના કારણે થયું હોવાનું સામે આવ્યું હતું.પીએમ રિપોર્ટ આવ્યા બાદ એક વાત સ્પષ્ટ હતી કે વૃદ્ધની હત્યા થઈ છે. ત્યારે વૃદ્ધની હત્યા અન્ય કોઈએ નહીં પરંતુ જાણ ભેદુ વ્યક્તિ દ્વારા જ કરવામાં આવી હોવાનું પોલીસને લાગી રહ્યું હતું. કારણ કે પોલીસની પ્રાથમિક પૂછપરછમાં વૃદ્ધની કોઈ સાથે દુશ્મનાવટ ન હોવાનું સામે આવ્યું હતું. તેમજ પોતે એકલવાયું નિવૃત્ત જીવન જીવતા હોવાનું પણ પોલીસને જાણવા મળ્યું હતું. ત્યારે પોલીસ દ્વારા મૃતકના પરિવારજનોની પૂછપરછ હાથ ધરવામાં આવી હતી. તેમજ તેમના નિવેદન પણ નોંધવામાં આવ્યા હતા. તો સાથો સાથ ઘટના સ્થળની આજુબાજુના વિસ્તારના સીસીટીવી ફૂટેજ પણ પોલીસ દ્વારા એકત્રિત કરવામાં આવ્યા હતા. ત્યારે પોલીસને હાથે લાગેલા સીસીટીવી ફૂટેજમાં મૃતકનો દોહિત્ર બનાવના દિવસે બે વખત મૃતકના ઘરે આવ્યો હોવાનું તેમજ તેની એક્ટિવિટી શંકાસ્પદ હોવાનું પોલીસને જણાઈ આવ્યું હતું.






## તંત્રી લેખ..

# ગામોથી લોકોની હિજરત

ઘટતી જતી આવકની વચ્ચે દેશના ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો શહેરી વિસ્તારો તરફ કુચ કરી રહ્યા છે. ગ્રામીણ વિસ્તારોમાંથી શહેરોમાં પલાયન માટે અન્ય કેટલાક કારણો પણ રહેલા છે. થોડાક દિવસ પહેલા જ નેશનલ બેંક ફોર એગ્રીકલ્ચર એન્ડ રૂરલ ડેવલપમેન્ટ (નાબાર્ડ)દ્વારા અખિલ ભારતીય. ગ્રામીણ સમાવેશી નાણાંકીય. સર્વેક્ષણના નવા હેવાલે તમામની ચિંતાને વધારી દીધી છે. આ રિપોર્ટમાં સાફ શબ્દોમાં કહેવામાં આવ્યુ છે કે કૃષિમાં સંલગ્ન પરિવારોની આવકમાં કૃષિ અને સહાયક ગતિવિધીની હિસ્સેદારી માત્ર ૪૩ ટકાની આસપાસ રહે છે. જ્યારે ૫૭ ટકા આવક મજુરી, નોકર અને અન્ય કારોબાર મારફતે આવે છે. એવા પરિવાર જે કૃષિમાં સામેલ રહેલા નથી તેમની સરેરાશ આવક પૈકી ૫૪.૨ ટકા મજુરી, ૩૨ ટકા સરકારી અને ખાનગી નોકરીમાંથી આવે છે. માત્ર ૧૧.૭ ટકા રકમ જ કારોબારથી મળે છે. જો કૃષિ અને બિન કૃષિમાં સામેલ પરિવારને ભેળવી દેવામાં આવે તો ગ્રામીણ ક્ષેત્રોમાં માત્ર ૨૩ ટકાની આવક જ કૃષિ મારફતે થઇ રહી છે જે ચિંતાજનક ચિત્ર રજૂ કરે છે. બાકીની ૭૭ ટકા આવક મજુરી, સરકારી અને ખાનગી નોકરી તેમજ અન્ય કારોબાર મારફતે આવક થઇ રહી છે. આ આંકડાથી જે ચિંતાજનક ચિત્ર ઉપસીને સપાટી પર આવે છે તે એ છે કે ગ્રામીણ વિસ્તારોમાં આવકની દ્રશ્ટિએ ખેતીની હાલત કફોડી બનેલી છે. જો કે કોઇ બે રીતે આંકડાની તુલના કરવાની બાબત યોગ્ય રહેતી નથી. છતાં ગ્રામીણ વિસ્તારો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવાની બાબત કેટલીક રીતે સોર્સ રહેલા છે. ગામો અને શહેરી વિસ્તારો વચ્ચે તુલના કરવા માટે એક જ ક્ષેત્ર રહી જાય છે તે છે આવકના સાધન. કેન્દ્રિય આંકડાકીય મંત્રાલય સંગઠન ગ્રામો અને શહેરોમાં આવકના આંકડા નિયમિત રીતે પ્રકાશિત ન કરવાના કારણે સ્થિતી પર યોગ્ય તારણ કાઢવા સરળ નથી. છતાં સ્થિતી જટિલ તરીકે ઉભરી રહી છે. નાબાર્ડે સર્વેના તારણ જારી કર્યા છે. નાબાર્ડના સર્વેક્ષણ મુજબ ૫૦ હજારથી ઓછી વસ્તીના ગામો શહેરોના કુલ ૨૧.૧૭ કરોડ પરિવારોમાં માત્ર ૧૦.૦૭ કરોડ જ કૃષિ આધારિત પરિવાર છે. આ એવા લોકો છે જેમની પાસે પરિવારના કોઇ એક સભ્યની આવક પાંચ હજારથી વધારે છે. વર્ષ ૨૦૧૧ની વસ્તી ગણતરીના આંકડા મુજબ દેશમાં ૬૮.૮ ટકા વસ્તી ગ્રામીણ વિસ્તારમાં રહે છે. થોડાક વર્ષ પહેલા સુધી શહેરી પ્રતિ વ્યક્તિ આવક ગ્રામીણ પ્રતિ વ્યક્તિ આવકથી નવ ગણી વધારે હતી. આંકડા શહેરી વિસ્તારમાં રહેતા લોકો અને ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો વચ્ચે વધતા જતા અંતરને સાબિત કરે છે. સાથે સાથે નિતી નિયમો તૈયાર કરનાર લોકો માટે ચિંતાજનક પણ છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારમાં લોકોની હિજરત માટેના એક મુખ્ય કારણ તરીકે આને ગણી શકાય છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો હવે ખેતીની અવગણના કરીને શહેરી વિસ્તારમાં આવી રહ્યા છે. આ પ્રવાહ જારી રહે તે યોગ્ય નથી. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકોની આવક સતત વધે તે જરૂરી છે. ગ્રામીણ વિસ્તારમાંથી શહેરી વિસ્તારો તરફ હિજરતને રોકવા માટે તરત પગલા જરૂરી બન્યા છે. ગ્રામીણ વિસ્તારમાં રહેતા લોકો પાસે એકબાજુ પુરતી સુવિધા નથી.

# જ્યારે સેલ્સમાં મંદી દેખાવવા લાગે

**જો ખરેખર તમે સંઘર્ષ કરી રહ્યા છો તો કોઇ વ્યક્તિની અથવા તો સંબંધીની મદદ ચોક્કસપણે લેવી જોઇએ : સફળતા માઇન્ડસેટની વાત**



આજે મોટા ભાગના ક્ષેત્રમાં મંદી જોવા મળે છે. કોઇને કોઇ ક્ષેત્રમાં મંદીને જોઇ શકાય છે. કોઇ પણ કારોબારમાં મંદી આવવા માટેના અનેક કારણો હોય છે. આવી સ્થિતીમાં હિમ્મત સાથે આગળ વધવાની જરૂર રહે છે. જ્યારે સેલ્સ સાથે જોડાયેલા કારોબારમાં મંદી આવવા લાગે ત્યારે શુ કરવુ જોઇએ તેને લઇને હાલમાં જુદા જુદા નિષ્ણાંતોના અભિપ્રાય સપાટી પર આવ્યા છે. આજે આપણે કોઇ પણ ફિલ્ડ પર નજર કરીએ તો મંદીની માર તેને કોઇને કોઇ સમય ચોક્કસપણે ઝેલવી પડી છે તે બાબત ઉભરીને સપાટી પર આવે છે. સેલ્સમાં મંદી આવવાની બાબત ચોક્કસપણે નિરાશાજનક છે. કારણ કે તે કોઇની આજીવિકાના સાધન તરીકે હોય છે. જેથી મોટી સમસ્તા સર્જાઇ જાય છે. જો સેલ્સ થશે નહીં તો પૈસા પણ આવશે નહી. પરંતુ મંદીના સંબંધમાં સૌથી સારી બાબત એ છે કે તે સ્થાયી હોતી નથી. જો મંદીના ગાળામાં થોડાક પણ પ્રયાસ કરવામાં આવે તો સફળતા હાંસલ કરી શકાય છે. મંદીના ગાળામાં થોડીક વધારે મહેનત કરવામાં આવે તો આ નિરાશાજનક દૌરમાંથી બહાર નિકળી શકાય છે. ત્યારબાદ પોતાની સેલ્સને નવી ઉંચાઇ પર લઇ જવામાં સફળતા હાંસલ કરી શકાય છે. સામાન્ય રીતે મંદીથી લોકો નિરાશ થઇ જાય છે. સાથે સાથે મોટિવેશન પણ ખતમ થવા લાગી જાય છે. યાદ રાખવા જેવી બાબત એ છે કે સફળતા માઇન્ડ સેટની વાત છે. જો દિમાદ યોગ્ય જગ્યાએ અને ધ્યાન કેન્દ્રિત કરી શકાશે નહીં તો કોઇ પણ ક્ષેત્રમાં સફળતા મળી શકે તેમ નથી. જેથી સેલ્સમાં કમી આવી જાય તો પણ એક સેલ્સ પર્સન તરીકે પોતાના ઉદ્ધેશ્ય પર ધ્યાન કેન્દ્રિત કરીને આગળ વધી શકાય છે. સફળતા ન મળે તો પણ ફોકસ્ડ રહેવાની વાત સૌથી મહત્વપૂર્ણ હોય છે. મંદીના ગાળા દરમિયાન ધ્યાન કેન્દ્રિત કરીને રહેવામાં આવે તે સૌથી ઉપયોગી બાબત હોય છે. જેથી રચનાત્મક અને સકારાત્મક રહેવાની જરૂર હોય છે. જ્યારે પણ સેલ્સ ડાઉન થવા લાગી જાય છે ત્યારે અથવા તો જ્યારે પણ મંદી છવાઇ જાય છે ત્યારે આપણા મનમાં કેટલાક પ્રકારની વાત આવવા લાગી જાય છે. એ વખતે એવા વિચાર આવે છે કે હાલમાં આ કામને બંધ કરી દેવાની જરૂર છે અને થોડોક સમય નિકળવા દેવાની જરૂર છે. પરંતુ આ પ્રકારની વિચારણા ક્યારેય કરવી જોઇએ નહી. કારણ કે જે ચીજો ચાલુ છે તે બંધ કરી દઇશુ તો સ્થિતી વધારે ખરાબ થતી જશે. અને વાપસી કરવાની બાબત ક્યારેય શક્ય બનશે નહી. જે ચીજ સેલ્સને વધારે છે તે ચીજો સતત કરતા રહેવાની જરૂર છે. માત્ર આગળ વધવાના મક્કમ ઇરાદા રાખવાની જરૂર હોય છે. મદદની તલાશ પણ કરી શકાય છે. જો તમે ખરેખર સંઘર્ષ કરી રહ્યા છો તો પરિવારના બીજા સભ્યોની અથવા તો અન્ય કોઇની પાસેથી મદદ લેવાની જરૂર છે. યોગ્ય લોકોની મદદ લેવાની સાથે સાથે તેમની સલાહ પણ ઉપયોગી સાબિત થાય છે. બીજી બાજુ જ્યારે તમે કોઇ બિઝનેસ શરૂ કરવાની તૈયારી કરી રહ્યા છો ત્યારે તેના માટે ખુબ વધારે સવાલ પુછતા રહેવાની જરૂર હોય છે. કારણ આમાંથી જવાબ નિકળીને આવે છે. ખુબ ઓછા એન્ટરપ્રેન્યોર આ બાબત જાણે છે કે સવાલ નવા મોટા વેન્ચર શરૂ કરવાના સૌથી મોટા મનાધ્યમ તરીકે હોય છે. જો તમે કોઇ મોટા કારોબારની શરૂઆત કરવા માટે ઇચ્છુક છો તો સૌથી સારી બાબત સારા વિચાર સપાટી પર પહેલા આવે તે જરૂરી છે.



**ભાગદોડની લાઇફમાં ફિટનેસ માટે લોકોની પાસે સમય નથી ત્યારે**

**આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે**

# ટેકનોલોજી આરોગ્યનુ ધ્યાન રાખે છે

**ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખી શકાય છે : જુદા જુદા ફિટનેસ સંબંધિત સાધનો બજારમાં ઉપલબ્ધ બન્યા છે**



ભાગદોડની લાઇફમાં કોઇની પાસે ફિટનેસ માટે હાલના સમયમાં સમય નથી. આવી સ્થિતીમાં ટેકનોલોજીની મદદથી તમે તમારી ફિટનેસ પર નજર રાખી શકો છો. ટેકનોલોજીની મદદથી ફિટનેસ ગોલ્સ પર નજર રાખીને પોતાની તબિયતની કાળજી લઇ શકાય છે. આરોગ્ય સાથે જોડાયેલા કેટલાક ખાસ પ્રોડક્ટસ રહેલા છે. વિવોફિટ-૨માં એક વર્ષની બેટરી લાઇફ રહે છે. જેમાં એક બેકલિસ્ટ ડિસ્પ્લે હોય છે. જે સમય દર્શાવવાની સાથે સાથે આરોગ્ય સાથે જોડાયેલા આંકડાની વિગત આપે છે. જેમ કે સ્ટેપ્સ, ડિસ્ટેન્સ અને કેલોરીજનો સમાવેશ થાય છે. કેલોરીજ અંગે માહિતી પુરી પાડે છે. આમાં ગારમીનના મુવ બાર લાગેલા છે જે આપને એક્ટિવ રહેવા માટે ઓડિએબલ એલર્ટસની માહિતી આપે છે,. સાથે સાથે કેટલાક મામલે રિમાઇન્ડ કરે છે. ધ્યાન રાખવા જેવી બાબત એ છે કે તેના સ્લીપ મોડને એપના માધ્યમથી મેન્યુઅલી સેટ કરવાની જરૂર પડે છે. શ્યાઓમીના એમઆઇ બેન્ડ સૌથી સસ્તા અને વિયરેબલ ટ્રેકર તરીકે છે. આ આશ્ચર્યજનક રીતે ખુબ શાનદાર રીતે કામ કરે છે. તેમા ડિસ્પ્લે નહી પરંતુ તે વાયરલેસલી આરોગ્ય સાથે સંબંધિત તમામ ડેટા સ્માર્ટ ફોન એપથી લિન્ક કરી દે છે. સાથે સાથે તમામ વિગત સારી રીતે આપે છે. તેમાં ઓટો સ્લીપ મોનિટરિગ પણ છે. તમે બેન્ડના જુદા જુદા રંગોમાંથી મનપસંદ રંગની પસંદગી કરી શકો છો. તેના સિંગલ ચાર્જ એક મહિનાથી વધારે સમય સુધી યોગ્ય રીતે કામ કરે છે. વિવો સ્માર્ટ પણઁ શાનદાર સાધન તરીકે છે. વિવોસ્માર્ટ એચઆર ખુબ શાનદાર બેન્ડ છે. તેમાં કન્ટીન્યુઅસ હાર્ટ ટ્રેકિંગ ફિચર રહેલા છે. તેમાં ટચ ડિસ્પ્લે છે. જે આપની એક્ટિવિટી સાથે જોડાયેલા આંકડા દર્શાવે છે. આ નોટિફિકેશન દર્શાવવા માટે આપના સ્માર્ટ ફોન સાથે કનેક્ટ થઇ શકે છે. તેમાં એક મુવબાર હોય છે. જે આપને લાંબા સમય સુધી બેઠા રહેવાની સ્થિતીમાં ચારે બાજુ ફરવા માટે રિમાઇન્ડ કરે છે. કેટલાક લોકો ફિટનેસ બેન્ડ અને અન્ય ઘડિયાળ પહેરવાનુ પસંદ કરે છે. ફિટબિટ બ્લેજ આનો જવાબ તરીકે છે. આ ફિટનેસ પર કેન્દ્રિત સ્માર્ટ વોચ તરીકે છે. આમાં કન્ટીન્યુઅસ હાર્ટ રેટ ટ્રેકિંગ કલર એક્ટિવીટી અને સ્લીપ ટ્રેકિંગ છે. તેમાં જુદી જુદી એક્ટિવીટીની ટ્રેકિંગ માટે ડેડીકેટેડ મોડસ છે. સિંગલ ચાર્જ કરવા પર બેટરી પાંચ દિવસ સુધી ચાલે છે. કેટલાક સાધન બ્લડપ્રેસરના પરિણામ ને દર્શાવે છે. વિગિદ્સ સ્માર્ટ ફોન એપથી પોતાની રીતે સિન્ક કરીને માહિતી આપે છે. વિદિંગ્સ વાયરલેસ બ્લડ પ્રેશર મોનિટર પણ ઉપયોગી ટેકનોલોજી ટુલ્સ તરીકે છે. મોનિટરને પોતાના હાથમાં સ્લીપ ઓન કરવામાં આવ્યા બાદ પોતાની રીતે સ્માર્ટ ફોન પર હેલ્થ મેટ એપ લોંચ કરીને માહિતી પુરી પાડશે. આ તબક્કાવાર રીતે દિશા નિર્દેશ આપે છે. કઇ રીતે યોગ્ય રીતે બ્લડપ્રેશર માપવામાં આવે તે બાબત ઉપયોગી છે. એપથી લિન્ક થનાર ડેટા ચાર્ટ તરીકે દર્શાવવામાં આવે છે. વિથિંગ્સ બોડી પણ ઉપયોગી ટેકનોલોજી સાધન તરીકે છે. તે વેટિંગ સ્કેલ બાયોમેટ્રિક ઇમ્પેડેન્સ ટેકનિક પર કામ કરે છે. આના કારણે આપના શરીરના મુલ્યાંકન કરવામાં આવે છે. તે કંપનીના પોઝિશન કન્ટ્રોલ ટેકનોલોજી સાથે સજ્જ હોય છે. તે યુજરને ગાઇડ કરે છે. સ્કુલ પર કઇ રીતે ક્યાં ઉભા થવામાં આવે તે અંગે તે માહિતી આપે છે. યોગ્ય માપ મળી શકે તે માટે આ સાધન પણ ઉપયોગી છે.

લોકોની ભાગદોડની લાઇફને ધ્યાનમાં લઇને કેટલીક કંપનીઓ હવે એવા સાધન બનાવવામાં ધ્યાન આપી રહી છે જેના કારણે વ્યક્તિની ફિટનેસને પણ જાળવી શકાય. આ પ્રકારના સાધનોના નિર્માણ પર જંગી નાણાં ખર્ચ કરવામાં આવી રહ્યા છે. મોટા ભાગની કંપનીઓ હેલ્થ સાથે સંબંધિત અલગ અલગ પ્રકારના ટેકનોલોજી સાધન તૈયાર કરી લીધા છે. જેની અસર દેખાઇ પણ રહી છે. ફિટનેસને લઇને આને કારણે ફાયદો પણ થઇ રહ્યો છે. આ પ્રકારના સાધન ખરીદવા માટે ઉત્સુકતા પણ વધી રહી છે.



**પારંપરિક ફુડ કરતા આ ફુડમાં ૫૦ ટકા સુધી વધારે પૌષ્ટિક તત્વો...**

**શરીરને નુકસાન પણ ધીમી ગતિએ થાય છે પરંતુ હાલના સમયમાં પેદાશને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ થઇ રહ્યો છે તે બાબતથી તમામ લોકો વાકેફ પણ થવા લાગ્યા છે**

# ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને

**ઓર્ગેનિક ફુડની પેદાશમાં કદ વધારી દેવા માટે કોઇ પણ પ્રકારના કેમિકલ્સનો પ્રયોગ કરવામાં આવતો નથી તે તમામ લોકો જાણે છે**




તાજેતરમાં જ કરવામાં આવેલા એક રિસર્ચમાં કહેવામાં આવ્યુ છે કે પાકમાં ઉપયોગ કરવામાં આવતા પેસ્ટીસાઇડ્સ શરીરના હાર્મોનના સંતુલનને બગાડી કાઢે છે અને નુકસાન પહોંચાડે છે. એટલુ જ નહીં આ જીન પર પણ પ્રતિકુળ અસર કરે છે. તેના પર નકારાત્મક અસર કરે છે. હાલના દિવસોમાં બજારમાં રહેલા મોટા ભાગના ફળ અને શાકભાજીના ઉત્પાદનને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. જે શરીરને ખરુબ વધારે નુકસાન પહોંચાડે છે. આ બાબતની સામાન્ય લોકોને વહેલી તકે માહિતી મળતી નથી.

શરીરને નુકસાન પણ ધીમી ગતિએ થાય છે પરંતુ હાલના સમયમાં પેદાશને વધારી દેવા માટે કેમિકલનો ભરપુર ઉપયોગ થઇ રહ્યો છે તે બાબતથી તમામ લોકો વાકેફ પણ થવા લાગ્યા છે. કેટલીક વખથ સંબંધિત વિભાગના અધિકારીઓ દરોડા પાડીને આ સંબંધમાં માહિતી પણ જાહેર કરે છે. આવી સ્થિતીમાં વિકલ્પ તરીકે ઓર્ગેનિક ફુડની પસંદગી કરી શકાય છે. હાલના દિવસોમાં વધતી જતી આરોગ્યની સમસ્યાના કારણે લોકો હવે ઓર્ગેનિક ફુડની તરફ આકર્ષિત થઇ રહ્યા છે. નિષ્ણાંતો પણ હવે તેને ડાયટમાં સામેલ કરવા માટેની સલાહ આપી રહ્યા છે. કારણ કે તે પૂર્ણ રીતે કેમિકલ ફ્રી છે. સાથે સાથે ફળ અને શાકભાજીના કુદરતી ટેસ્ટ પણ આપે છે. એટલે કે ઓર્ગેનિક ફુડથી સ્વાદ અને તાકાત બંને મળે છે.

ઓર્ગેનિક ફુડ શુ છે તે અંહે લોકોને વધારે માહિતી નથી. પરંતુ આ અંગે માહિતી સામાન્ય લોકો રાખે તે જરૂરી છે. ઓર્ગેનિક ફુડની વાત કરવામાં આવે તો તે રસપ્રદ છે. ઓર્ગેનિક ફુડની સૌથી મોટી બાબત એ છે કે આમાં પેદાશને વધારી દેવા અથવા તો પેદાશના કદને વધારી દેવા માટે કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. ઓર્ગેનિક ફુડ એ ફુડ હોય છે જે કેમિકલ ફ્રી હોય છે. તેમની પેદાશમાં કોઇ પણ પ્રકારના કેમિકલનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેમાં રાસાયણક ખાતર અથવા તો પેસ્ટીસાઇડનો ઉપયોગ કરવામાં આવતો નથી. તેની પેદાશ અને કદને વધારી દેવા માટે બિનજરૂરિ પ્રયોગો કરવામાં આવતા નથી. આ શાકભાજી અને ફળોનુ ઉત્પાદન કરવા માટે જૈવિક ખેતી કરવામાં આવે છે. આને જૈવિક ખેતી તરીકે પણ લોકો ગણે છે. બજારમાં ઉપલબ્ધ મોટા ભાગના ફળ અને શાકભાજી દેખાવવામાં ફ્રેશ લાગે છે. પરંતુ તે જરૂરી નથી કે ઓર્ગેનિક જ હોય. ઓર્ગેનિક ફુડ સર્ટિફાઇડ હોય છે. અથવા તો તેમના પર સ્ટિકર લાગેલા હોય છે. જેમ કે સામાન્ય મશાલાની સરખામણીમાં તેમાં આંશિક રીતે ગંધ વધારે પ્રમાણમાં હોય છે. સૌથી જરૂરિ અને મહત્વપૂર્ણ બાબત એ છે કે તેમાં જેરી તત્વો હોતા નથી. કારણ કે તેમાં કેમિકલ્સ , પેસ્ટીસાઇડ્સ, ડ્રગ્સ, પ્રિજવર્ટૈવિ જેવી નુકસાન પહોંચાડનાર ચીજોનો ઉપયોગ કરવામાં આવતો નથી. મોટા ભાગના પેસ્ટીસાઇડ્સમાં ઓર્ગેનો-ફાસ્ફોરસ જેવા કેમિકલ હોય છે. જેમાં કેટલીક પ્રકારન બિમારીનો ખતરો રહેલો હોય છે.

આ શરીર માટે ખુબ લાભદાયક છે. પારંપરિક ફુંડની તુલનામાં આ ફુડમાં ૧૦ ટકાથી લઇને ૫૦ ટકા સુધી વધારે પ્રમાણમાં પૌષ્ટિક તત્વો હોય છે. તેમાં પ્રોટીન, વિટામિન, કેલ્શિયમ, મિનરલ્સ, આયરનનો સમાવેશ થાય છે. તેમાં રહેલા પૌષક તત્વો હાર્ટને લગતી બિમારી, બ્લડ પ્રેશર, ડાયબિટીસ અને કેન્સર જેવી બિમારીથી રક્ષણ આપે છે.

ઓર્ગેનિક ફર્મસમાં પેદાશ થનાર ફળ અને શાકભાજી વધારે એન્ટી ઓક્સીડન્ટ હોય છે. કારણ કે તેમાં પેસ્ટીસાઇડ્સ તો હોતા નથી. જેના કારણે તેમાં પૌષક તત્વો અકબંધ રહે છે. જે શરીર માટે ફાયદાકારક સાબિત થાય છે. એન્ટી ઓક્સીડેન્ટ વધાર હોવાથી શરીરને રોગોની સામે લડવાની તાકાત વધારે આપે છે. ઓર્ગેનિક ફુડમાં સામાન્ય રીતે પેદા કરવામાં આવતા પાકની તુલનામાં વધારે પૌષક તત્વો હોય છે. ઓર્ગેનિક ફુડ ચરબી વધતા પણ રોકે છે. ઓર્ગેનિક ફુડના મહત્વને હવે લોકો વધુ સમજી રહ્યા છે. કારણ કે શારરિક સમસ્યા હવે વધવા લાગી ગઇછે.



**બી અવેયર : તમામ પ્રકારની રિક્વરી પણ પણ ઝડપથી થાય છે...**

**સ્વિમિંગ વર્કઆઉટમાં બ્રેસ્ટ સ્ટ્રોક, સાઇડ સ્ટ્રોક, બટરફ્લાય અને ફ્રી સ્ટાઇલ સામેલ હોય છે દરેક સ્ટ્રોક્સનુ ફોક્સ અલગ અલગ મસલ ગ્રુપ્સ પર હોય છે અલબત્ત પાણીમાં શરીરને મુવ કરવા માટે લગાવવામાં આવતા દરેક સ્ટ્રોકમાં વધુને વધુ મસલ ગ્રુપ્સ સામેલ હોય છે**

# સ્વિમિંગથી સમગ્ર શરીરની કસરત

**સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઇને હાર્ટ સુધી લાભકારી સાબિત થઇ શકે છે : નિષ્ણાંતો પણ માને છે**



કોઇ પણ સિઝનમાં સ્વિમિંગ ખુબ જ આદર્શ તરીકે છે. નિષ્ણાંતોની સાથે સાથે જાણકાર લોકો પણ નક્કરપણે માને છે કે સ્વિમિંગ શરીર અને કાર્ડિયોવેસ્કુલર સિસ્ટમ તેમજ મસલ્સ ટોનિંગથી લઇને હાર્ટ સુધી તમામ શરીર માટે લાભકારી સાબિત થાય છે. સ્વિમિંગ તમામ રીતે ઉપયોગી છે. સ્વિમિંગ વર્કઆઉટમાં બ્રેસ્ટ સ્ટ્રોક, સાઇડ સ્ટ્રોક, બટરફલાય અને ફ્રી સ્ટાઇલ સામેલ હોય છે. દરેક સ્ટ્રોક્સનુ ફોક્સ અલગ અલગ મસલ ગ્રુપ્સ પર હોય છે. અલબત્ત પાણીમાં શરીરને મુવ કરવા માટે લગાવવામાં આવતા દરેક સ્ટ્રોકમાં વધુને વધુ મસલ ગ્રુપ્સ સામેલ હોય છે. વજન ઘટાડી દેવા માટે પણ સ્વિમિંગને ખુબ સારા વિકલ્પ તરીકે ગણવામાં આવે છે. અલબત્ત સ્વિમિંગની ગતિ , સ્વિમ સ્ટ્રોક અને વજન મુજબ કૈલોરી બર્ન થાય છે. એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી એટલી જ કૈલોરી બર્ન થાય છે આની અસર જોડ અને હાડકા પર પણ પડે ચે. જો કોઇ વ્યક્તિનુ વજન ૧૬૦ પાઉન્ડ છે તો સામાન્ય ગતિથી એક કલાક સુધી સ્વિમિંગ કરવાથી આશરે ૪૨૩ કેલોરી સરળ રીતે બર્ન થાય છે. ઝડપી ગતિથી ૭૧૫ કેલોરી બર્ન કરવામાં આવી શકે છે. જ્યારે એક કલાકમાં ૩.૫ મીલ વોક કરવા પર માત્ર ૩૧૪ કૈલોરી અને યોગ કરવાથી ૧૮૩ કૈલોરી પ્રતિ કલાક બર્ન થાય છે. જો તમે પોતાના વજનને ઘટાડી દેવા ઇચ્છો છો તો દરરોજ ૧૦થી ૩૦ મિનિટ અને સપ્તાહમાં એકથી ત્રણ વખત સ્વિમિંગ ચોક્કસપણે કરવી જોઇએ. દરેક સપ્તાહમાં સ્વિમની અવધિ પાંચ પાંચ મિનિટ સુધી વધારી દેવાની જરૂર હોય છે. સ્ટ્રોક્સ પણ વધારે કરવામાં આવે તે જરૂરી છે. સમગ્ર મસલ્સની કસરત થઇ શકે તે માટે સતત પ્રયાસો કરવા જોઇએ. બ્રેસ્ટ સ્ટ્રોકને વધારે સમય સુધી મેન્ટેન રાખવામાં સરળતા હોવાની સાથે સાથે કૈલોરી પણ બર્ન થાય છે. સ્વિમિંગના કારણે હાર્ટ રેટ વધે છે. શરીર પર કોઇ પણ પ્રકારના દબાણ વગર હાર્ટ રેટ વધે છે. સ્ટ્રેથ વધવા, અને સમગ્ર શરીરના મસલ્સ ટોન કરવામાં મદદ મળે છે. કાર્ડિયોવેસ્કુલર માટે પણ આ એક સારી કસરત છે. કેટલાક અભ્યાસમાં પણ આ બાબત ઉભરીને સપાટી પર આવી છે કે સ્વિમિંગ બ્લડપ્રેશરને ઘટાડી દેવા સાથે સાથે બ્લડ શુગરને પણ નિયંત્રિત કરવામાં મદદરૂપ થાય છે. ઇજા થવા, કોઇ પણ પ્રકારની વિકલાંગતા થવાની સ્થિતીમાં પણ સ્વિમિંગ ફાયદાકારક સાબિત થાય છે. સ્વિમિંગથી વહેલી તકે તમામ પ્રકારની રિક્વરી થાય છે. પીડા પણ ઘટતી જાય છે. જો કે કેટલીક બિમારી ધરાવતા લોકોએ સાવધાનીપૂર્વક અને તબીબોની સલાહ મુજબ કોઇ કસરતને ધ્યાનમાં લેવા અને તેને અમલી કરવાની જરૂર હોય છે. અસ્થમાના દર્દીને પણ સ્વિમિંગના કારણે ફાયદો થાય છે. કારણ કે તેના કારણે શ્વાસની કસરત થઇ જાય છે. ફેફસાની ક્ષમતા પણ વધી જાય છે. એમ પણ માનવામાં આવે છે કે સ્વિમિંગ પુલમાં ઉપયોગ કરવામાં આવતા કેમિકલ એટલે કે ક્લોરીનથી અસ્થમાંની શંકા વધી જાય છે. આવી સ્થિતીમાં ક્લોરીનની જગ્યાએ સોલ્ટ વોટરનો ઉપયોગ કરનાર પુલની પસંદગી કરવામાં આવે તે જરૂરી છે. તબીબોની સલાહ મુજબ જ પગલા લેવામાં આવે તે જરૂરી છે. સ્વિમિંગના કારણે ગુડ કોલેસ્ટ્રોલ વધી જાય છે. સ્વસ્થ રહેવા માટે જરૂરી છે કે શરીરમાં બે કોલેસ્ટ્રોલનુ પ્રમાણ ઓછુ રહે અને ગુડ કોલેસ્ટ્રોલ એટલે કે એચડીએસનુ પ્રમાણ ઓછુ રહે. સપ્તાહમાં પાંચ વખત સ્વિમિંગ કરવાની સ્થિતીમાં કોલેસ્ટ્રોલનુ પ્રમાણ સંતુલિત રહે છે. આના કારણે હાર્ટ રોગની શંકા ઓછી થઇ જાય છે. સ્વિમિંગના કારણે શરીર વધારે સ્ફુર્તિમાં રહે છે. આ વર્કઆઉટમાં સ્ટ્રેચ, ટ્વિસ્ટ અને પાણીમાં પોતાને ખેંચવા જેવા પ્રક્રિયા હોય છે. જેના કારણે ફ્લેક્સિબિલિટી વધી જાય છે. તરતી વેળા કમરથી લઇને હાત, પગ અને પીઠના હાડકાનો પણ ઉપયોગ થાય છે. આ ઉપરાંત સ્વિમિંગથી લોહીનો પ્રવાહ ૧૪ ટકા સુધી સુધરે છે. જેના કારણે દિમાગ સુધી લોહી સરળતાથી પહોંચે છે. સંશોધન દર્શાવે છે કે પાણીમાં સ્ટ્રોક લગાવવાથી દબાણ છાતી પર આવે છે. આના કારણે લોહી પ્રવાહ સુધેરે છે. રાત્રી ગાળામાં સારી નિંદ લેવા માટે સ્વિમિંગ ખુબ ઉપયોગી સાબિત થાય છે.



Cyber Octet™

## CYBER SECURITY AND ETHICAL HACKING TRAINING IN AHMEDABAD

**BECOME A CYBER SECURITY SPECIALIST WITH FALGUN RATHOD**

# Learn Ethical Hacking & Cyber Security

## WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

**TRAINING BY:-** THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

## ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com




# બિહાર વિધાનસભા ચૂંટણીને લઈને ઈન્ડિયા બ્લોકમાં જાપ-જાપ તીવ્ર

। પટણા, તા.૧૩ ।

બિહારમાં વિધાનસભા ચૂંટણીને હવે બહુ દિવસો બાકી નથી. આ વર્ષના અંતમાં યોજાનારી ચૂંટણીને લઈને રાજ્યમાં રાજકીય ગતિવિધિઓ તેજ થઈ ગઈ છે. શનિવારે વિપક્ષી ગઠબંધન ઈન્ડિયા બ્લોકના સાથી પક્ષોએ અહીં લાંબી વિચારમંથન બેઠક યોજી હતી. આ બેઠકમાં વિધાનસભા ચૂંટણીમાં બેઠકોની વહેંચણી સહિત અન્ય મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી. રાજ્ય વિધાનસભામાં વિરોધ પક્ષના નેતા તેજસ્વી યાદવના નિવાસસ્થાને યોજાયેલી આ બેઠક લગભગ છ કલાક ચાલી હતી.ગઠબંધનની સંકલન સમિતિના વડા તેજસ્વી યાદવે પત્રકારો સાથેની વાતચીતમાં કહ્યું - "હા, બેઠક વહેંચણી પર વાતચીત શરૂ થઈ ગઈ છે. પરંતુ હું હમણાં વધુ માહિતી આપી શકતો નથી. આ ચર્ચા એક આંતરિક મામલો છે અને જ્યારે બધું નક્કી થઈ જશે, ત્યારે અમે તેને જાહેર કરીશું." ભૂતપૂર્વ નાયબ મુખ્યમંત્રીએ એવો પણ આરોપ લગાવ્યો કે જદયુ પ્રમુખ નીતિશ કુમારની આગેવાની હેઠળની દ્વઙછ સરકાર એક "નકલ" છે જે યુવા આયોગની સ્થાપના અને વૃદ્ધાવસ્થા પેન્શન વધારવા જેવા તેમના વિચારો "ચોરી" કરી રહી છે.તેજશ્વીએ કહ્યું, "મને ખાતરી છે કે ટૂંક સમયમાં 'માઈ બહેન સન્માન યોજના' પણ તેમના પક્ષના એજન્ડામાં સામેલ થશે." તેમણે વચન આપ્યું છે કે જો તેમનો પક્ષ સત્તામાં આવશે, તો તેઓ રાજ્યની મહિલાઓને ૨,૫૦૦ રૂપિયા માસિક ભથ્થું આપશે. તેજસ્વીએ દાવો કર્યો હતો કે લોકો એનડીએ સરકારથી કંટાળી ગયા છે.

આ વર્ષે બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે

# બિહારની મતદાર યાદીમાં બાંગ્લાદેશી અને નેપાળીઓના નામ પણ છે । ચૂંટણી પંચની ચકાસણી ઝુંબેશમાં ખુલાસો

## બિહારમાં આ વર્ષે ચૂંટણીઓ થવાની છે, જ્યારે આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ સહિત પાંચ અન્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ ૨૦૨૬ માં થવાની છે

। નવીદિલ્હી, તા.૧૩ ।

આ વર્ષે બિહારમાં વિધાનસભાની ચૂંટણીઓ યોજાવાની છે. તે પહેલાં, મતદાર યાદીનું સઘન પુનરાવર્તન (એસઆઈઆર) અને ચકાસણી કરવામાં આવી રહી છે. ઘરે ઘરે જઈને કરવામાં આવી રહેલા આ સુધારણા અભિયાન દરમિયાન, નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારના લોકો મોટી સંખ્યામાં મળી આવ્યા છે. અધિકારીઓએ રવિવારે આ માહિતી આપી. તેમણે કહ્યું કે ૧ ઓગસ્ટ પછી આવા લોકોની યોગ્ય ચકાસણી કર્યા પછી ૩૦ સપ્ટેમ્બરના રોજ પ્રકાશિત થનારી અંતિમ મતદાર યાદીમાં ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓના નામનો સમાવેશ કરવામાં આવશે નહીં.જમીની અહેવાલોને ટાંકીને, ચૂંટણી પંચના અધિકારીઓએ જણાવ્યું હતું કે નેપાળ, બાંગ્લાદેશ અને મ્યાનમારના લોકો બૂથ-લેવલ-અધિકારીઓ દ્વારા ઘરે-ઘરે મુલાકાત દરમિયાન મોટી




સંખ્યામાં મળી આવ્યા છે. ચૂંટણી પંચ આખરે સમગ્ર ભારતમાં મતદાર યાદીઓનું ખાસ સઘન સંશોધન કરશે જેથી વિદેશી ગેરકાયદેસર સ્થળાંતર કરનારાઓને તેમના જન્મસ્થળની તપાસ કરીને દૂર કરી શકાય.બિહારમાં આ વર્ષે ચૂંટણીઓ થવાની છે, જ્યારે આસામ, કેરળ, પુડુચેરી, તમિલનાડુ અને પશ્ચિમ બંગાળ સહિત પાંચ અન્ય રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીઓ ૨૦૨૬ માં થવાની છે. એસઆઈઆર પ્રક્રિયા ૨૪ જૂનથી શરૂ થઈ હતી અને ગણતરી ફોર્મ સબમિટ કરવાની છેલ્લી તારીખ ૨૫ જુલાઈ, ૨૦૨૫ છે. જે મતદારોના નામ ૧ જાન્યુઆરી, ૨૦૦૩ ના રોજ મતદાર યાદીમાં સામેલ હતા, તેમણે ફક્ત ગણતરી ફોર્મ ભરવાનું અને સબમિટ કરવાનું રહેશે. જેમના નામ ૨૦૦૩ પછી ઉમેરવામાં આવ્યા છે અથવા જેઓ પહેલી વાર મતદાર બની રહ્યા છે, તેમણે નાગરિકતા અને ઉંમર સાબિત કરવા માટે દસ્તાવેજો સબમિટ કરવાના રહેશે. મતદારો ૧ સપ્ટેમ્બર, ૨૦૨૫ સુધી તેમના દસ્તાવેજો સબમિટ કરી શકે છે.ભારતીય ચૂંટણી પંચએ કહ્યું હતું કે તેણે બિહારના લગભગ તમામ મતદારો સાથે સીધો સંપર્ક સ્થાપિત કર્યો છે. રાજ્યના ૮૦.૧૧ ટકા મતદારોએ તેમના મતગણતરી પત્રો સબમિટ કરી દીધા છે. પંચે એમ પણ કહ્યું હતું કે તેના વેબ પોર્ટલમાં નવું ચકાસણી મોડ્યુલ સંપૂર્ણપણે સક્રિય થઈ ગયું છે.ચૂંટણી પંચે જારી કરેલા એક પ્રકાશનમાં જણાવ્યું હતું કે પહેલાથી જ હાલના ૭૭,૮૯૫ બૂથ લેવલ ઓફિસરો અને ૨૦,૬૦૩ નવા નિયુક્ત બૂથ લેવલ ઓફિસરો સાથે, તે ૨૫ જુલાઈની નિર્ધારિત સમયમર્યાદા પહેલા ગણતરી ફોર્મના સંગ્રહને પૂર્ણ કરવા તરફ આગળ વધી રહ્યું છે.

## રાધિકા હત્યા કેસમાં મોટો ખુલાસો,હત્યાનું આયોજન છેલ્લા ત્રણ દિવસથી થઈ રહ્યું હતું

। નવીદિલ્હી, તા.૧૩ ।

ટેનિસ ખેલાડી રાધિકા યાદવના મિત્રએ મોટો ખુલાસો કર્યો છે. તેણીએ જણાવ્યું હતું કે રાધિકાની હત્યાનું આયોજન છેલ્લા ત્રણ દિવસથી થઈ રહ્યું હતું. રાધિકાની હત્યા સંપૂર્ણ આયોજન હેઠળ કરવામાં આવી હતી. રાધિકાના પિતા તેને મારવા માટે પિસ્તોલ લાવ્યા હતા. તેણીએ જણાવ્યું હતું કે રાધિકાના ભાઈને યોજના સાથે બહાર મોકલવામાં આવ્યો હતો. માતાને બીજા રૂમમાં રાખવામાં આવી હતી.આ પહેલા પણ હિમાંશિકા સિંહનો એક વીડિયો સામે આવ્યો હતો, જેમાં તે કહી રહી હતી કે રાધિકા સાથે તેની ગાઢ મિત્રતા હતી અને તેઓ લાંબા સમયથી સાથે ગેમ રમતા હતા. હિમાંશિકાએ જણાવ્યું હતું કે તેના પરિવાર દ્વારા રાધિકા પર ઘણા પ્રતિબંધો લાદવામાં આવ્યા હતા. હિમાંશિકાએ એમ પણ કહ્યું હતું કે રાધિકાને વીડિયો શૂટ કરવાનો ખૂબ શોખ હતો, પરંતુ તેના પરિવારના સભ્યોને તે ગમતું ન હતું, જેના કારણે રાધિકા પર કડક દેખરેખ રાખવામાં આવી હતી.તે જ સમયે, હરિયાણાના ગુરુગ્રામમાં ટેનિસ ખેલાડી રાધિકા યાદવની સનસનાટીભર્યા હત્યા કેસ દરરોજ નવા ખુલાસા સાથે વધુ જટિલ બની રહ્યો છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ અનુસાર, ૨૫ વર્ષીય રાધિકાની છાતીમાં આગળથી ચાર ગોળીઓ વાગી હતી. આ હકીકત ચોંકાવનારી છે કારણ કે હત્યાના આરોપી અને રાધિકાના પિતા દીપક યાદવે પોલીસને જણાવ્યું હતું કે તેણે તેની પુત્રી પર પાછળથી ગોળીઓ ચલાવી હતી.

## દિલ્હીમાં ઓડી ચાલકે ફૂટપાથ પર સૂતા ૫ લોકોને કચડી નાખ્યા; ડ્રાઈવરની ધરપકડ

। નવીદિલ્હી, તા.૧૩ ।

રાજધાની દિલ્હીમાં એક દુઃખદ માર્ગ અકસ્માતમાં પાંચ લોકો ઘાયલ થયાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. આ અકસ્માત દક્ષિણ-પશ્ચિમ દિલ્હીના વસંત વિહાર વિસ્તારમાં બન્યો છે. શિવ કેમ્પ નજીક ફૂટપાથ પર સૂતા પાંચ લોકો ઘાયલ થયા હતા, જ્યારે એક નશામાં ધૂત ઓડી ડ્રાઈવરે તેમના પર ગાડી ચલાવી દીધી હતી. ઘાયલોમાં બે યુગલો અને એક આઠ વર્ષની છોકરીનો સમાવેશ થાય છે, એમ એક અધિકારીએ જણાવ્યું હતું. તેમણે જણાવ્યું હતું કે આ ઘટના ૯ જુલાઈના રોજ સવારે ૧:૪૫ વાગ્યે બની હતી. કાર ચાલક ઉત્સવ શેખર (૪૦) ની ધરપકડ કરવામાં આવી હતી અને બાદમાં તેને જામીન પર મુક્ત કરવામાં આવ્યો હતો.પોલીસ અધિકારીએ જણાવ્યું હતું કે આરોપી કાર ચાલકના મેડિકલ રિપોર્ટમાં પુષ્ટિ મળી છે કે તે ઘટના સમયે નશામાં હતો. અધિકારીઓ સ્થળ પર પહોંચે તે પહેલાં જ ઘાયલોને સારવાર માટે નજીકની હોસ્પિટલોમાં લઈ જવામાં આવ્યા હતા. પીડિતોની ઓળખ લાધી (૪૦), તેની આઠ વર્ષની પુત્રી બિમલા, તેના પતિ સબમી ઉર્ફે ચિરમા (૪૫), રામ ચંદ્ર (૪૫) અને તેની પત્ની નારાયણી (૩૫) તરીકે થઈ છે. કાયદેસરની કાર્યવાહી કરવામાં આવી છે."

બુંદેલખંડ અને રાજ્યના અન્ય વિસ્તારોમાં સારો વરસાદ પડ્યો

# ઉત્તર પ્રદેશમાં ભારે વરસાદથી વિનાશ સર્જાયો બુંદેલખંડ અને પૂર્વાંચલમાં ૧૩ લોકોના મોત

## હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં વરસાદ હજુ એક અઠવાડિયા સુધી ચાલુ રહેશે । આ સમય દરમિયાન, કેટલીક જગ્યાએ હળવો વરસાદ, અન્ય સ્થળોએ મધ્યમ અને ભારે વરસાદ પડશે

। લખનૌ, તા.૧૩ ।

બુંદેલખંડ અને રાજ્યના અન્ય વિસ્તારોમાં સારો વરસાદ પડ્યો. તેના કારણે તાપમાનમાં પણ એકથી બે ડિગ્રીનો ઘટાડો થયો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, રાજ્યમાં વરસાદ હજુ એક અઠવાડિયા સુધી ચાલુ રહેશે. આ સમય દરમિયાન, કેટલીક જગ્યાએ હળવો વરસાદ, અન્ય સ્થળોએ મધ્યમ અને ભારે વરસાદ પડશે.

પ્રાદેશિક હવામાન કેન્દ્રના વરિષ્ઠ વૈજ્ઞાનિક મોહમ્મદ દાનિશે જણાવ્યું હતું કે શનિવારે બુંદેલખંડ ક્ષેત્રમાં સૌથી વધુ વરસાદ નોંધાયો હતો. ચિત્રકૂટમાં શનિવાર સાંજ સુધી સૌથી વધુ ૨૧૬ મીમી વરસાદ નોંધાયો હતો. તે જ સમયે, કાનપુરમાં ૧૨૬ મીમી અને બાંદામાં ૧૧૫ મીમી વરસાદ નોંધાયો હતો. શુક્રવાર રાતથી કાનપુર અને પૂર્વાંચલના



નજીકના જિલ્લાઓમાં ભારે વરસાદ પડ્યો છે. ઘણી જગ્યાએ વરસાદી પાણી ઘરોમાં ઘૂસી ગયા છે. વીજળી પડવાથી ચિત્રકૂટમાં ત્રણ, બાંદામાં બે, કાનપુર દેહાત, ઉન્નાવ અને હમીરપુરમાં એક-એક વ્યક્તિનું મોત થયું છે. ચિત્રકૂટમાં સૌથી વધુ ૧૦૦ મીમી વરસાદ નોંધાયો છે. પૂર્વાંચલમાં વીજળી પડવાથી પાંચ લોકોના મોત થયા.

બાંદામાં, શનિવારે સવારે બદૌસા પોલીસ સ્ટેશન વિસ્તારના ઉત્તરવાન શાહપુરના માજરા કલ્લુ પૂર્વામાં વીજળી પડવાથી એક કાચું ઘર તૂટી પડ્યું. માતા અને બે પુત્રો કાટમાળ નીચે દટાઈ ગયા. રાણી દુર્ગાવતી મેડિકલ કોલેજમાં એક પુત્રને મૃત જાહેર કરવામાં આવ્યો, જ્યારે અન્ય બે સારવાર હેઠળ છે. કામાસિન પોલીસ સ્ટેશન વિસ્તારના દાદોન ગામમાં વીજળી પડવાથી એક ખેડૂતનું મોત થયું જ્યારે બે દાઝી ગયા. બાંદામાં ૨૪ કલાકમાં ૪૬ મીમી વરસાદ નોંધાયો.ચિત્રકૂટના ભારતીકુમાં કાચું ઘરની છત અને પહાડી વિસ્તારમાં ઘરની દિવાલ ધરાશાયી થવાથી બે લોકોના મોત થયા. માણિકપુર વિસ્તારમાં એક ખેડૂતનું નાળામાં તણાઈ જવાથી મૃત્યુ થયું. શુક્રવારે રાત્રે ૧૨ વાગ્યાથી શનિવાર બપોર સુધી મહોબામાં ભારે વરસાદ પડ્યો. નાળા, નહેરો અને કોઝવે છલકાઈ ગયા. ૨૦ ગામોનો જિલ્લા મુખ્યાલય સાથેનો સંપર્ક તૂટી ગયો. લોકોને ૨૦ થી ૩૦ કિમીનો વધારાનો ચકરાવો લેવો પડ્યો. શાળાઓ અને ઘરોમાં વરસાદી પાણી ભરાઈ ગયા. આના કારણે શાળાના બાળકોને પણ મુશ્કેલી પડી.


જેમાં સૌથી વધુ બેઠકો જીતનાર પક્ષને મેયર પદ મળશે.

## મહારાષ્ટ્રમાં અજિત સામે પડકાર, શિંદે જૂથે મેયર પદ માટે નવું ફોર્મ્યુલા સૂચવ્યું

। મુંબઇ, તા.૧૩ ।

મહારાષ્ટ્રમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓની જાહેરાત ટૂંક સમયમાં થવાની સંભાવના છે. ડિસેમ્બર સુધીમાં કુલ ૨૯ મ્યુનિસિપલ કોર્પોરેશનોની ચૂંટણી યોજાશે. આ વાતને ધ્યાનમાં રાખીને રાજકીય ગલિયારાઓમાં ગતિવિધિઓ વધી ગઈ છે. આ ચૂંટણીમાં મુંબઈ મહાનગરપાલિકાની ચૂંટણી આ સમયે ચર્ચાનું કેન્દ્ર છે અને નવા ચૂંટાયેલા ભાજપના પ્રદેશ પ્રમુખ રવિન્દ્ર ચવ્હાણે મુંબઈ મહાનગરપાલિકાના મેયર પદ અંગે મોટી ટિપ્પણી કરી છે. તેમના નિવેદનના અલગ અલગ અર્થ કાઢવામાં આવી રહ્યા છે. ચવ્હાણના આ નિવેદન પર હવે શિવસેના (શિંદે જૂથ)ના નેતા પ્રતાપ સરનાઈકે મહાગઠબંધનમાં મેયર પદ માટે એક નવી ફોર્મ્યુલા રજૂ કરી છે. પ્રતાપ સરનાઈકે નવા નિવેદન પછી હવે સવાલો ઉભા થઈ રહ્યા છે કે શું અજિત જૂથને હવે કોઈ મુશ્કેલીનો સામનો કરવો પડશે?પ્રતાપ સરનાઈકે મ્યુનિસિપલ ચૂંટણીઓ અને મેયર પદ પર ટિપ્પણી કરી છે. તેમણે કહ્યું કે આ મહાગઠબંધન સરકાર છે. જે પક્ષ પાસે મેયર હતો તેને મળવું જોઈએ. જે પક્ષને સૌથી વધુ બેઠકો મળે તેને મેયર પદ મળવું જોઈએ. આ મહાગઠબંધનનું ફોર્મ્યુલા છે. પ્રતાપ સરનાઈકે કહ્યું કે આ સરકાર મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ અને બંને નાયબ મુખ્યમંત્રીઓના નેતૃત્વમાં ખૂબ સારું કામ કરી રહી છે.સરનાઈકે કહ્યું કે અમે મહાગઠબંધનમાં આગામી ચૂંટણી લડીશું. અગાઉ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સત્તામાં રહેનાર પક્ષ, અગાઉ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સૌથી વધુ કોર્પોરેટરો ચૂંટાયેલા પક્ષને મેયર પદ આપવામાં આવશે, જે પક્ષના કોર્પોરેટરો બીજા સ્થાને ચૂંટાયા હતા તેને ડેપ્યુટી મેયર પદ આપવામાં આવશે અને જે પક્ષ ત્રીજા સ્થાને હશે તેને સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન પદ આપવામાં આવશે.સરનાઈકે કહ્યું કે અંતે, આપણે ગમે તેટલું કહીએ, અંતિમ નિર્ણય મુખ્યમંત્રી અને બંને નાયબ મુખ્યમંત્રીઓ લેશે.

## ન્યૂઝ બ્રિફ



### ૩૦૦ કરોડની ફિલ્મમાંથી બહાર થયા પછી, દીપિકા પાદુકોણ અલ્લુ અર્જુનની ફિલ્મ કરવા માટે સંમત થઈ?

। મુંબઇ, તા.૧૩ ।

દરેક વ્યક્તિ દીપિકા પાદુકોણના પુનરાગમનની રાહ જોઈ રહ્યા છે. માતા બન્યા પછી, અભિનેત્રી મોટા પડદાથી દૂર જોવા મળી છે. જોકે, ડિલિવરી પહેલા, દીપિકાએ પઠાણ-જવાન અને કલ્કી ૨૮૯૮ છઙ જેવી ૧૦૦૦-૧૦૦૦ કરોડની ફિલ્મો સાથે બોક્સ ઓફિસ પર ધમાલ મચાવી દીધી હતી. તાજેતરમાં જ એવું બહાર આવ્યું છે કે દીપિકા પાદુકોણે તેની આગામી ફિલ્મ એએ૨૨એકસએ૬ માટે એટલી સાથે હાથ મિલાવ્યા છે. અલ્લુ અર્જુન અને એએ૨૨એકસએ૬ રશ્મિકા મંદન્ના અભિનીત આ ફિલ્મને એક્શન-એન્ટરટેનર તરીકે વર્ણવવામાં આવી રહી છે. પરંતુ શું તમે જાણો છો કે દીપિકાએ આ ફિલ્મમાં કામ કરવાનું કેમ નક્કી કર્યું?ફિલ્મફેરના અહેવાલ મુજબ, એટલીની આ ફિલ્મમાં દીપિકા પાદુકોણ એક શક્તિશાળી અવતારમાં જોવા મળશે. અભિનેત્રી આ પ્રોજેક્ટનો ભાગ બનવા પાછળનું એક કારણ તેના પાત્રને કોતરવામાં અને ડિઝાઈન કરવામાં આવ્યું છે તે છે. અહેવાલ છે કે દીપિકા આ ફિલ્મમાં એક યોદ્ધા રાણીની ભૂમિકા ભજવશે. તે ટૂંક સમયમાં તેના પાત્ર માટે તૈયારી શરૂ કરશે.૭ જૂને,એએ૨૨એકસએ૬ના નિર્માતાઓએ દીપિકા પાદુકોણનું ફિલ્મમાં સ્વાગત કરતો એક વિડિઓ શેર કર્યો. વિડિઓની શરૂઆતમાં, અભિનેત્રી એટલી સાથે સ્ક્રિપ્ટ પર ચર્ચા કરતી જોવા મળી, સેટ પર પહોંચતા અને ફિલ્મની તૈયારીઓ શરૂ કરતા પહેલા. ક્લિપના કેપ્શનમાં, નિર્માતાઓએ દીપિકાને "રાણી" તરીકે વર્ણવી જે "જીતવા" માટે તૈયાર છે. શરૂઆતમાં એવી અફવાઓ હતી કે ફિલ્મમાં બે હીરોની વાર્તા હશે.

### સંજય રાઉતે સંજય શિરસતનો રોકડ ભરેલી બેગ સાથેનો વીડિયો શેર કર્યો

। મુંબઇ, તા.૧૩ ।

શિવસેના (યુબીટી) ના સાંસદ સંજય રાઉતે એક વીડિયો જાહેર કર્યા બાદ મહારાષ્ટ્રમાં એક મોટો રાજકીય વિવાદ ફાટી નીકળ્યો છે. આ વીડિયોમાં, એકનાથ શિંદેના શિવસેનાના ધારાસભ્ય અને રાજ્યમંત્રી સંજય શિરસાટ તેમના નિવાસસ્થાને મોટી રકમ સાથે જોવા મળી રહ્યા છે. આ વીડિયો એવા સમયે સામે આવ્યો છે જ્યારે સંજય શિરસાટને એક દિવસ પહેલા જ આવકવેરાની નોટિસ મળી છે. સંજય રાઉત દ્વારા શેર કરાયેલા આ વીડિયો પર રાજકીય હોબાળો થવાની શક્યતા છે.સંજય રાઉતે સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એકસ પર આ વીડિયો પોસ્ટ કર્યો અને વડા પ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આ વીડિયો ફૂટેજ પર ધ્યાન આપવા વિનંતી કરી. આ વીડિયોમાં, મહારાષ્ટ્રના સામાજિક ન્યાય મંત્રી સંજય શિરસાટ બેડરૂમમાં સિગારેટ પીતા જોવા મળે છે, તેમની બાજુમાં રોકડથી ભરેલી સુટકેસ રાખવામાં આવી છે. બીજી સુટકેસ પણ દેખાય છે. તેની બાજુમાં એક પાલતુ કૂતરો પણ દેખાય છે.રાઉતે મરાઠીમાં લખ્યું, "આ રસપ્રદ વીડિયો માનનીય પીએમ નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહે જોવો જોઈએ!

## ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં વાહન ખાડામાં પડી ગયું, ૭ લોકોના મોત

। પેશાવર,તા.૧૩ ।

ઉત્તર-પશ્ચિમ પાકિસ્તાનમાં એક વાહન અકસ્માતનો ભોગ બન્યું છે. હેવામાં આવી રહ્યું છે કે આ અકસ્માત શુક્રવારે પાકિસ્તાનના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતમાં થયો હતો. રસ્તા પર ચાલતું વાહન અચાનક કોઈ કારણોસર સંતુલન ગુમાવી બેઠું અને ખાડામાં પડી ગયું. આ કારણે ઓછામાં ઓછા સાત લોકોના મોત થયા અને બે ઘાયલ થયા. ઘાયલોને નજીકની હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. પાકિસ્તાની અધિકારીઓએ જણાવ્યું હતું કે આ ઘટના ખૈબર પખ્તુનખ્વા પ્રાંતના કુર્રમ જિલ્લાના ગાંધલ વિસ્તારમાં બની હતી.

## રાજ્યસભા માટે નામાંકિત ચાર વ્યક્તિઓને પીએમ નરેન્દ્ર મોદીએ અભિનંદન આપ્યા

। નવીદિલ્હી, તા.૧૩ ।

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ દ્વારા રાજ્યસભામાં નામાંકિત ચાર વ્યક્તિઓને અભિનંદન આપ્યા. આમાં ભૂતપૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલા, ૨૬/૧૧ મુંબઈ આતંકવાદી હુમલાના ખાસ સરકારી વકીલ ઉજ્જવલ નિકમ, કેરળ ભાજપના નેતા સી સદાનંદન માસ્તે અને ઈતિહાસકાર મીનાક્ષી જૈનનો સમાવેશ થાય છે.કેન્દ્રીય ગૃહ મંત્રાલય દ્વારા શનિવારે રાત્રે જારી કરાયેલા એક જાહેરનામા અનુસાર, રાષ્ટ્રપતિ મુર્મુએ બંધારણના અનુચ્છેદ ૮૦(૧)(ક) ની કલમ (૩) દ્વારા તેમને આપવામાં આવેલી સત્તાઓ હેઠળ રાજ્યસભા માટે ચાર લોકોને નામાંકિત કર્યા છે. આમાં સરકારી વકીલ ઉજ્જવલ દેવરાવ નિકમ, કેરળના વરિષ્ઠ સામાજિક કાર્યકર અને શિક્ષણશાસ્ત્રી સી સદાનંદન માસ્તે, ભારતના ભૂતપૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલા અને પ્રખ્યાત ઈતિહાસકાર અને શિક્ષણશાસ્ત્રી મીનાક્ષી જૈનના નામ શામેલ છે. આ નામાંકનો અગાઉ નામાંકિત સભ્યોની નિવૃત્તિને કારણે ખાલી પડેલી બેઠકોને ધ્યાનમાં રાખીને કરવામાં આવ્યા છે.સોશિયલ મીડિયા પ્લેટફોર્મ ઠ પર પોસ્ટ કરીને પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે ઉજ્જવલ નિકમનું કાયદાકીય ક્ષેત્ર અને બંધારણ પ્રત્યેનું સમર્પણ પ્રશંસનીય છે. તેઓ માત્ર એક સફળ વકીલ જ નથી રહ્યા, પરંતુ મહત્વપૂર્ણ કેસોમાં ન્યાય પ્રાપ્ત કરવામાં પણ અગ્રણી રહ્યા છે. તેમનું નામાંકન રાજ્યસભામાં તેમના ઉત્કૃષ્ટ કાર્યને શ્રદ્ધાંજલિ છે.તે જ સમયે, પીએમ મોદીએ ભૂતપૂર્વ વિદેશ સચિવ હર્ષવર્ધન શ્રૃંગલાને રાજ્યસભામાં નામાંકિત થવા બદલ અભિનંદન આપ્યા.

અસ્તિત્વના સૌથી મોટા સંકટનો સામનો | છેલ્લા દાયકામાં, કાબુલનું ભૂગર્ભજળ સ્તર ૨૫ થી ૩૦ મીટર ઘટી ગયું છે. દર વર્ષે, કાઢવામાં આવતા પાણી કરતાં ૪.૪ કરોડ ઘન મીટર વધુ પાણી જમીનમાંથી કાઢવામાં આવી રહ્યું છે

# કાબુલમાં વિનાશનું ટ્રેલર! પાણી વગરનું વિશ્વનું પ્રથમ શહેર બનશે

। કાબુલ, તા.૧૩ ।

જેને એક સમયે અફઘાનિસ્તાનનો આત્મા કહેવામાં આવતું હતું, તેના અસ્તિત્વના સૌથી મોટા સંકટનો સામનો કરી રહ્યું છે. હિન્દુકુશની પહાડીઓ વચ્ચે સ્થિત આ ઐતિહાસિક શહેરને માત્ર અફઘાનિસ્તાનની રાજધાની તરીકે જ નહીં, પરંતુ સાંસ્કૃતિક અને આર્થિક કેન્દ્ર તરીકે પણ ઓળખવામાં આવે છે. પરંતુ હવે આ કાબુલ વિશ્વનું પહેલું મોટું શહેર બનવાની આરે છે જ્યાં ૨૦૩૦ સુધીમાં પાણી સંપૂર્ણપણે ખતમ થઈ શકે છે. આ ચેતવણી બિન-લાભકારી સંસ્થા મર્સી કોર્પ્સના અહેવાલમાં આપવામાં આવી છે.

તાજેતરના એક અહેવાલ મુજબ, છેલ્લા



દાયકામાં, કાબુલનું ભૂગર્ભજળ સ્તર ૨૫ થી ૩૦ મીટર ઘટી ગયું છે. દર વર્ષે, કાઢવામાં આવતા પાણી કરતાં ૪.૪ કરોડ ઘન મીટર વધુ પાણી જમીનમાંથી કાઢવામાં આવી રહ્યું છે. એટલે કે, પાણીના સ્તરની કુદરતી ભરપાઈ કરતાં ઘણી ઝડપથી પાણીનો ઉપયોગ થઈ રહ્યો છે.

વર્ષોના સંઘર્ષને કારણે કાબુલમાં આધુનિક પાણી પ્રણાલીઓમાં રોકાણ અટકાવાયું. પરિણામે, ભૂગર્ભજળ ઝડપથી ખતમ થઈ રહ્યું છે અને જે બચ્યું છે તે પણ ઝેરી બની ગયું છે. યુનિસેફના અહેવાલ મુજબ, કાબુલમાં અડધાથી વધુ બોરવેલ સુકાઈ ગયા છે અને લગભગ ૮૦ ટકા ભૂગર્ભજળ દૂષિત થઈ ગયું છે. જો આ પરિસ્થિતિ રહી તો ૨૦૩૦ સુધીમાં અહીંના ભૂગર્ભજળના સ્રોત સંપૂર્ણપણે ખતમ થઈ જશે.૧. આબોહવા પરિવર્તનની અસર: જળ સંકટનું સૌથી મોટું કારણ બદલાતા હવામાન ચક્ર છે. છેલ્લા કેટલાક વર્ષોથી, અફઘાનિસ્તાનમાં બરફવર્ષા ઘટી રહી છે, બરફ અકાળે પીગળી રહ્યો છે અને દુષ્કાળ વારંવાર પડી રહ્યો છે. ૨૦૨૩ માં, સામાન્ય કરતા ૪૦-૫૦% ઓછો વરસાદ પડ્યો હતો, જેના કારણે ભૂગર્ભજળને રિચાર્જ કરવાની તક મળી ન હતી.

૨. વહીવટી નિષ્ફળતાઓ: પાણી વ્યવસ્થાપન, પાઈપલાઈન સમારકામ અને વરસાદી પાણીના સંગ્રહ જેવા મૂળભૂત કાર્યોને સતત અવગણવામાં આવ્યા હતા. સરકારની નિષ્ફળતાએ પાણીની કટોકટીને વધુ ઘેરી બનાવી છે. પંજશીર નદીમાંથી પાણી લાવવાનો પ્રોજેક્ટ, $૧૭૦ મિલિયનના ખર્ચે, વર્ષોથી કાગળ પર અટવાયેલો છે.

# રશિયાના સૌથી મોટા હુમલાથી યુક્રેન ધણધણી ઉઠ્યું । એક જ રાતમાં ૬૦૦ ડ્રોનથી તબાહી મચાવી









યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, રશિયાએ ગઈકાલે શુક્રવારે રાત્રે યુક્રેન પર ૫૯૭ ડ્રોન અને ૨૬ મિસાઈલ છોડી હુમલો કર્યો. આ હુમલો અત્યાર સુધીમાં રશિયાનો સૌથી મોટો હુમલો છે. ઝેલેન્સ્કી મુજબ, ડ્રોન હુમલામાં મોટાભાગે ઈરાનમાં બનાવેલા 'શાહેદ' ડ્રોન હતા. ઝેલેન્સ્કીએ દુનિયાને અપીલ કરી કે, 'આવા હુમલાઓને રોકવા માટે રશિયા પર કડક નિયંત્રણો લાદવામાં આવે.'યુક્રેની વાયુસેનાએ જણાવ્યું કે, અમે ૩૧૯ ડ્રોન અને ૨૫ મિસાઈલોનો ખાતમો કર્યો છે. પરંતુ આશરે ૨૦ ડ્રોન અને એક મિસાઈલ પાંચ જગ્યાએ પડતાં નુકસાન થયું છે. જોકે, વાયુસેના એ જણાવ્યું નથી કે આ પાંચેય જગ્યાએ કઈ છે. ઝેલેન્સ્કીએ માગ કરી છે કે, રશિયાને ડ્રોન બનાવવામાં મદદ કરનારા અને તેમના ઓઈલ વેચીને નફો અપાવી રહેલા દેશો કે લોકોને સજા કરવામાં આવે. રશિયાના અર્થતંત્ર માટે તેલ નિકાસ એક મુખ્ય આધારસ્તંભ છે અને આ જ તેના યુદ્ધને આગળ ધપાવી રહ્યું છે.રશિયાના સૌથી મોટા હુમલાથી યુક્રેન ધણધણી ઉઠ્યું, એક જ રાતમાં ૬૦૦ ડ્રોનથી તબાહી મચાવી યુક્રેનના રાષ્ટ્રપ્રમુખ વોલોદિમિર ઝેલેન્સ્કીએ જણાવ્યું કે, રશિયાએ ગઈકાલે શુક્રવારે રાત્રે યુક્રેન પર ૫૯૭ ડ્રોન અને ૨૬ મિસાઈલ છોડી હુમલો કર્યો. આ હુમલો અત્યાર સુધીમાં રશિયાનો સૌથી મોટો હુમલો છે.

## જેનલિયા દેશમુખ મસ્તી ફોરમાં કેમિયો કરી રહી હોવાની ચર્ચા



। મુંબઇ, તા.૧૩ ।

ફિલ્મ 'મસ્તી ફોર'માં જેનેલિયા દેશમુખ પણ કેમિયો કરી રહી હોવાની ચર્ચા છે. આ ફિલ્મની ટીમ હાલ યુકેમાં શૂટિંગ કરી રહી છે. તેના સેટ પરથી લીક થયેલી કેટલીક તસવીરોમાં જેનેલિયા દેશમુખ દેખાઈ હતી. શરુઆતમાં ચાહકોને લાગ્યું હતું કે ફિલ્મમાં બાકીના કલાકારો સાથે રીતેશ દેશમુખ પણ રીપીટ થયો હોવાથી જેનેલિયા તેને કંપની આપવા માટે સાથે ગઈ હશે. જોકે, બાદમાં પ્રગટ થયેલા કેટલાક વિડીયોમાં જેનેલિયા સીન માટે રિહર્સલ કરતી અને કેટલાક ડાન્સ સ્ટેપ કરતી પણ દેખાઈ હતી. તે પરથી એમ મનાય છે કે આ ફિલ્મમાં તેનો પણ ટૂંકો રોલ હશે. ફિલ્મની વાર્તા અંગે અગાઉ બહાર આવેલી વિગતો અનુસાર આ વખતે ફિલ્મમાં રિવર્સ મસ્તી હશે. મતલબ કે ફિલ્મના હિરો તેમની પત્નીઓ સાથે બેવફાઈ કરે તેની સાથે સાથે ફિલ્મની હિરોઈનો પણ તેમના પતિઓ સાથે  બેવફાઈ કરતી હોવાનો ટ્રેક હશે. ફિલ્મ 'મસ્તી ફોર'માં જેનેલિયા દેશમુખ પણ કેમિયો કરી રહી હોવાની ચર્ચા છે. આ ફિલ્મની ટીમ હાલ યુકેમાં શૂટિંગ કરી રહી છે. તેના સેટ પરથી લીક થયેલી કેટલીક તસવીરોમાં જેનેલિયા દેશમુખ દેખાઈ હતી. શરુઆતમાં ચાહકોને લાગ્યું હતું કે ફિલ્મમાં બાકીના કલાકારો સાથે રીતેશ દેશમુખ પણ રીપીટ થયો હોવાથી જેનેલિયા તેને કંપની આપવા માટે સાથે ગઈ હશે.

### રશિયાએ પાકિસ્તાન સાથે એક મહત્ત્વપૂર્ણ વેપાર કરાર કરી લીધો

## ભારતને ઝટકો, રશિયાએ પાકિસ્તાન સાથે કરી અબજો રૂપિયાની ડીલ । જીડીપીને થશે મોટો ફાયદો

**પાકિસ્તાનના ઉદ્યોગ અને ઉત્પાદન મંત્રાલયના સચિવ સૈફ અંજુમ અને રશિયાના ઔદ્યોગિક એન્જિનિયરિંગ એલએલસીના ડિરેક્ટર જનરલ વાદિમ વેલિચકોએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા**

। મોસ્કો, તા.૧૩ ।

રશિયાએ આખરે પાકિસ્તાન સાથે એક મહત્ત્વપૂર્ણ વેપાર કરાર કરી લીધો છે. ઘણા મહિનાઓથી આ અંગે અટકળો લગાવવામાં આવી રહી હતી. હવે શુક્રવારે પાકિસ્તાન અને રશિયાએ સંયુક્ત રીતે આ કરારની જાહેરાત કરી છે, જે હેઠળ કરાચીમાં એક અત્યાધુનિક સ્ટીલ મિલની સ્થાપના કરવામાં આવશે. આ પ્રોજેક્ટને બંને દેશો વચ્ચે આર્થિક અને ઔદ્યોગિક સહયોગના એક નવા યુગની શરૂઆત તરીકે જોવામાં આવી રહ્યો છે. આ ડીલથી પાકિસ્તાનના અર્થતંત્રને અબજો રૂપિયાનો ફાયદો થવાની અપેક્ષા છે, આ સાથે જ આ ડીલ ઔદ્યોગિક વિકાસ અને રોજગાર સર્જનમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપશે.

આ ડીલ શુક્રવારે મોસ્કોમાં પાકિસ્તાન દૂતાવાસમાં આયોજિત એક સમારોહમાં કરવામાં આવી હતી. પાકિસ્તાનના ઉદ્યોગ અને ઉત્પાદન મંત્રાલયના સચિવ સૈફ અંજુમ અને રશિયાના ઔદ્યોગિક એન્જિનિયરિંગ એલએલસીના ડિરેક્ટર જનરલ વાદિમ વેલિચકોએ તેના પર હસ્તાક્ષર કર્યા હતા. આ અવસર પર પાકિસ્તાનના પીએમના ખાસ સહાયક હારૂન અખ્તર ખાન અને રશિયામાં પાકિસ્તાનના રાજદૂત મુહમ્મદ ખાલિદ



જમાલી પણ હાજર હતા.એક અહેવાલ પ્રમાણે રશિયાએ પહેલીવાર સત્તાવાર રીતે પુષ્ટિ કરી છે કે તેણે કરાચીમાં નવી સ્ટીલ મિલ સ્થાપવા માટે પાકિસ્તાન સાથે કરારને અંતિમ સ્વરૂપ આપી દીધું છે. આ પ્રોજેક્ટ પાકિસ્તાન સ્ટીલ મિલ્સ ના પુનઃસ્થાપન અને આધુનિકીકરણનો એક હિસ્સો છે, જે લાંબા સમયથી આર્થિક અને વ્યવસ્થાપક પડકારોનો સામનો કરી રહી છે. એક નિવેદનમાં પાકિસ્તાનના વરિષ્ઠ અધિકારી હારૂન અખ્તર ખાને જણાવ્યું કે, રશિયા સાથેનો આ કરાર પાકિસ્તાન સ્ટીલ મિલ્સની પ્રગતિ અને ઔદ્યોગિક ભવિષ્ય માટે એક સીમાચિહ્નરૂપ સાબિત થશે. આ પ્રોજેક્ટથી ન માત્ર ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો થશે, પરંતુ હજારો લોકો માટે નવી રોજગારીની તકો પણ ઉભી થશે.'

આ ડીલ હેઠળ જીડીપીને ફરી ઊભી કરવામાં તો આવશે જ, પરંતુ આ સાથે જ કરાચીમાં ૭૦૦ એકર જમીન પર એક નવો અત્યાધુનિક સ્ટીલ પ્લાન્ટ પણ સ્થાપિત કરવામાં આવશે. આ પ્રોજેક્ટમાં રશિયાની અદ્યતન સ્ટીલ નિર્માણ ટેકનોલોજીનો ઉપયોગ કરવામાં આવશે, જેનાથી પાકિસ્તાનની સ્ટીલ આયાત પરની નિર્ભરતા ૩૦% ઓછી થવાની અપેક્ષા છે. પાકિસ્તાન દર વર્ષે લગભગ ૨.૭ બિલિયન ડોલરના સ્ટીલ અને લોખંડની આયાત કરે છે, અને દેશમાં સ્ટીલની માંગ અને પુરવઠા વચ્ચે ૩.૧ મિલિયન ટનનું અંતર છે.

### કોંગ્રેસે મોકાનો ફાયદો ઉઠાવ્યો


## સાંસદ કંગના રણૌતના એક નિવેદનથી હિમાચલ પ્રદેશમાં ભાજપની વધી મુશ્કેલી

**કેબિનેટ મંત્રી જગત સિંહ નેગીએ કહ્યું કે, રાજનીતિ કરવી એ કંગના રણૌત જેવી બોલિવૂડ અભિનેત્રીનું કામ નથી અને જો તે પોતાનું કામ બરોબર રીતે નથી કરી શકતી, તો તેણે રાજીનામું આપી દેવું જોઈએ**

। હિમાચલ પ્રદેશ, તા.૧૩ ।

બોલિવૂડ અભિનેત્રી કંગના રણૌતને ૨૦૨૪ની લોકસભા ચૂંટણીમાં ભાજપે તેમના ગૃહ રાજ્ય હિમાચલ પ્રદેશની મંડી લોકસભા બેઠક પરથી ટિકિટ આપી હતી. કંગનાએ પણ ચૂંટણી જીતી હતી પરંતુ તાજેતરના ભૂતકાળમાં કેટલીક એવી ઘટનાઓ બની હતી જેના કારણે કંગના રણૌતને કારણે ભાજપને મંડી જિલ્લામાં મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો.કંગના રણૌતને કારણે હિમાચલ પ્રદેશમાં સરકાર ચલાવી રહેલી કોંગ્રેસને ભાજપ પર હુમલો કરવાની તક મળી હતી. કેબિનેટ મંત્રી જગત સિંહ નેગીએ કહ્યું કે, રાજનીતિ કરવી એ કંગના રણૌત જેવી બોલિવૂડ અભિનેત્રીનું કામ નથી અને જો તે પોતાનું કામ બરોબર રીતે નથી કરી શકતી, તો તેણે રાજીનામું આપી દેવું જોઈએ. કોંગ્રેસના પ્રદેશ પ્રમુખ પ્રતિભા સિંહે પણ તેમને સવાલ ઉઠાવ્યા હતા.ભાજપના પ્રદેશ પ્રમુખ રાજીવ બિંદલે કંગના રણૌતનો બચાવ માટે ભાજપના સ્થાનિક એકમના કાર્યકર્તાઓનો એક વર્ગે કંગના રણૌતને લઈને સવાલો ઉઠાવ્યા છે.ભાજપના એક વરિષ્ઠ નેતાએ મીડિયા સાથે વાત કરતાં કહ્યું કે, 'એવા અનેક મુદ્દાઓ છે, જેના પર પાર્ટીમાં લોકો ખુલ્લેઆમ બોલવાનું ટાળે છે, આવા મુદ્દાઓ પર નજર રાખવામાં આવી રહી છે. કંગનાને ચૂંટાયાને હજુ માત્ર ૧ વર્ષ થયું છે. પાર્ટી હાઈકમાન્ડ તેમના કાર્યો અને નિવેદનો પર નજર રાખી રહી છે.'આ અંગે વાત કરતાં ભાજપ નેતાએ કહ્યું, 'કંગના રણૌતે પાર્ટીના કાર્યક્રમોથી ઘણી હદ સુધી અંતર રાખ્યું છે. તે પાર્ટીના મોટા કાર્યક્રમોમાં હાજરી આપતાં નથી. જેમ કે, ૨ જુલાઈએ જ્યારે ડૉ. રાજીવ બિંદલ શિમલામાં પ્રદેશ પ્રમુખ બન્યા, ત્યારે કેન્દ્રીય મંત્રી ડૉ. જીતેન્દ્ર સિંહ, હિમાચલ પ્રદેશના બધા ભાજપ લોકસભા અને રાજ્યસભા સાંસદો કાર્યક્રમમાં હાજર હતા, પરંતુ કંગના આ કાર્યક્રમમાં હાજર ન રહ્યા.'ભાજપ નેતાએ કહ્યું કે, આ અગાઉ શિમલામાં ભાજપ મુખ્યાલયમાં પ્રદેશ પ્રમુખ પદ માટે નામાંકન અને મતદાન થવાનું હતું, પરંતુ તેઓ ત્યા પણ ન આવી. મંડી જિલ્લાના એક ભાજપ નેતા કહ્યુ કે, 'એવું લાગે છે કે કંગના રણૌત હજુ પણ તેના બે વ્યવસાયો વચ્ચે સંતુલન જાળવવા માટે સંઘર્ષ કરી રહી છે.'

## જાન્હવી કપૂર કથિત બોયફ્રેન્ડ સાથે વિમ્બલ્ડન પહોંચી,'હું અહીં આવીને રોમાંચિત છું'



। મુંબઇ, તા.૧૩ ।

આજકાલ ઘણા બોલિવૂડ સ્ટાર્સ વિમ્બલ્ડન જઈ રહ્યા છે. વિરાટ કોહલી, અનુષ્કા શર્મા અને અવનીત કૌર પહેલાથી જ જઈ ચૂક્યા છે. જાહ્નવી કપૂર વિમ્બલ્ડન સેમિફાઈનલ મેચ જોવા માટે પહોંચી હતી. અભિનેત્રી તેના કથિત બોયફ્રેન્ડ શિખર પહારિયા સાથે મેચનો આનંદ માણતી જોવા મળી હતી. તે બંને કાર્લોસ અલ્કારાઝ અને ટેલર ફ્રિટ્ઝની મેચ જોતા જોવા મળ્યા હતા. અહીં પહોંચ્યા પછી, તેણે એક ચેનલને કહ્યું કે તે પહેલી વાર અહીં આવી છે.જાહ્નવી કપૂરે સ્ટાર સ્પોર્ટ્સને કહ્યું, 'હું પહેલી વાર અહીં આવી છું. આ ખૂબ જ સરસ જગ્યા છે. જ્યાં સુધી હું જાણું છું, આ આખી દુનિયાની સૌથી જૂની ટેનિસ ટુર્નામેન્ટ છે. હું અહીં આવીને રોમાંચિત છું. મેં તેના વિશે ઘણું સાંભળ્યું છે. મેં ફક્ત અહીંના ખેલાડીઓ વિશે જ નહીં, પણ સ્ટ્રોબેરી અને ક્રીમ વિશે પણ સાંભળ્યું છે. હું તેમને ખાવા માંગુ છું.' અહીં પહોંચ્યા પછી, જાહ્નવીએ ઘણા પોઝ આપ્યા.ઘણા સોશિયલ મીડિયા યુઝર્સે જાહ્નવી અને તેના અફવાવાળા બોયફ્રેન્ડની તસવીરો જોતાં જ સોશિયલ મીડિયા પર શેર કરવાનું શરૂ કરી દીધું. આ દરમિયાન જાહ્નવીએ ફ્રોક જેવો ડ્રેસ પહેર્યો હતો, જેમાં ભરતકામ કરવામાં આવ્યું હતું. શિખરે વાદળી સૂટ પહેર્યો હતો.આ પહેલી વાર નથી કે શિખર અને જાહ્નવી સાથે જોવા મળ્યા હોય. આ પહેલા પણ તેઓ ઘણી વખત સાથે જોવા મળ્યા છે.

## મિત્રના જન્મદિવસની પાર્ટીમાં નુસરત ઘાયલ થઈ; તસવીરો શેર કરી

। મુંબઇ, તા.૧૩ ।

બોલિવૂડની ચુલબુલી અભિનેત્રી નુસરત ભરૂચા શુક્રવારે રાત્રે તેની મિત્ર ઈશિતા રાજના જન્મદિવસની પાર્ટીમાં હાજરી આપી હતી, જ્યાં તેણીએ ખૂબ મજા કરી હતી, પરંતુ આ મજા તેને ખૂબ મોંઘી પડી હતી. સોશિયલ મીડિયા પર તેની તાજેતરની ઈન્સ્ટા સ્ટોરીઓએ તેના ચાહકોને ચિંતામાં મૂકી દીધા છે.

પાર્ટીમાં ઘાયલ થયેલી અભિનેત્રીએ હવે તેની ઈન્સ્ટાગ્રામ સ્ટોરી દ્વારા ખુલાસો કર્યો છે. તસવીરોમાં જોઈ શકાય છે કે તેના હાથ પર ઊંડા ખંજવાળ અને ઈજાના નિશાન છે. એક તસવીરમાં, તેણે ઈજાને નજીકથી બતાવી છે, જેમાં સ્પષ્ટપણે જોઈ શકાય છે કે તેની ત્વચા છાલેલી છે અને લોહી પણ નીકળ્યું છે. આ સાથે, તેણે ફિલ્ટર પર 'આઉચ' અને પાટો લગાવેલા સ્ટીકરો પણ લગાવ્યા છે.

બીજી તસવીરમાં, નુસરત હાથ ઉંચો કરીને તેના ઘાયલ ભાગને બતાવી રહી છે અને તેના ચહેરા પર પીડાદાયક અભિવ્યક્તિ છે. આ તસવીર સાથે, તેણે મજાકમાં લખ્યું, 'કેટલીક પાર્ટીઓ તમારા સ્વાસ્થ્ય માટે ખરેખર હાનિકારક હોય છે!' જોકે, નુસરતે તે કઈ રીતે ઘાયલ થઈ તે જણાવ્યું નથી, પરંતુ એવું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે કે પાર્ટી દરમિયાન પડી જવાથી અથવા કોઈ તીક્ષ્ણ વસ્તુ વાગવાથી આ અકસ્માત થયો હશે.

## શરીફ સરકાર પીટીઆઈની 'ઇમરાન ખાન ફ્રી મૂવમેન્ટ' પ્રદર્શન યોજનાને નિષ્ફળ બનાવવાની તૈયારી કરી રહી છે

। લાહોર, તા.૧૩ ।

પાકિસ્તાનમાં શાસક પાકિસ્તાન મુસ્લિમ લીગ-નવાઝ (પીએમએલ-એન) ના નેતાઓએ ચેતવણી આપી હતી કે જો ભૂતપૂર્વ વડા પ્રધાન ઈમરાન ખાનનો પુત્ર તેમની પાર્ટી દ્વારા આયોજિત કોઈપણ 'હિંસક વિરોધ'માં ભાગ લેશે તો તેમના દેશમાં આવતાની સાથે જ કડક કાર્યવાહી કરવામાં આવશે. પીએમએલ-એનના નેતાઓની ચેતવણીથી શાસક પક્ષ અને વિપક્ષી પાકિસ્તાન તહરીક-એ-ઈન્સાફ (પીટીઆઈ) વચ્ચે તણાવ વધુ વધ્યો છે. ઈમરાન ખાન હાલમાં જેલમાં છે.શાહબાઝ શરીફ સરકાર પીટીઆઈ પાર્ટીની 'ઈમરાન ખાન ફ્રી મૂવમેન્ટ' પ્રદર્શન યોજનાને નિષ્ફળ બનાવવાની તૈયારી કરી રહી છે. તે જ સમયે, ૭૨ વર્ષીય ભૂતપૂર્વ ક્રિકેટર ઈમરાન ખાનની ભૂતપૂર્વ પત્ની જેમીમા ગોલ્ડસ્મિથે કહ્યું છે કે શાસક પક્ષના સભ્યો દ્વારા તેમના પુત્રોને આપવામાં આવેલી ધમકીઓ ''રાજકારણ નહીં પરંતુ વ્યક્તિગત બદલો'' છે. ઈમરાન ખાનની બહેન અલીમા ખાને તાજેતરમાં કહ્યું હતું કે તેમના ભત્રીજા સુલેમાન અને કાસિમ ૫ ઓગસ્ટથી શરૂ થતા પીટીઆઈ પ્રદર્શનમાં ભાગ લેવા માટે પાકિસ્તાન આવશે.મરિયમ નવાઝની આગેવાની હેઠળની પંજાબ સરકારના કેબિનેટ સભ્યએ શુક્રવારે ચેતવણી આપી હતી કે જો ખાનના પુત્રો કોઈપણ ''હિંસક વિરોધ'' માં જોડાવા માટે પાકિસ્તાન આવશે તો તેમની સાથે કડક કાર્યવાહી કરવામાં આવશે. પંજાબના માહિતી પ્રધાન અને પીએમએલ-એન નેતા આઝમા બુખારીએ કહ્યું કે પીટીઆઈના આશ્રયદાતા ઈમરાન ખાનના પુત્રોને દેશમાં અશાંતિ ફેલાવવા દેવામાં આવશે નહીં. બુખારીએ પ્રશ્ન કર્યો, ''જ્યારે ખાન ઘાયલ થયા હતા ત્યારે તેમના પુત્રો પાકિસ્તાન કેમ ન આવ્યા?

### બીએલએફ એ પાકિસ્તાની સેનાના ૭૦ ઠેકાણાઓ પર હુમલા કર્યા

### બીએલએફ એ ૭૨ કલાક સુધી ચાલેલા 'ઓપરેશન બીએએમ'માં ૨૪ ખનિજ વહન કરતા ટ્રક અને ગેસ ટેન્કરનો પણ નાશ કર્યો

## બીએએમ ઓપરેશન હેઠળ ૫૦ પાકિસ્તાની સૈનિકોના મોત । આઇએસઆઇના ૯ એજન્ટ ઠાર

। બલૂચિસ્તાન, તા.૧૩ ।

બલોચ બળવાખોરોનો મોટો દાવો પાકિસ્તાની સેના વિરુદ્ધ બલૂચ બળવાખોર જૂથ બલૂચિસ્તાન લિબરેશન ફ્રન્ટે (BLF) 'Operation BAAM' હાથ ધાર્યું હતું. આ ૩ દિવસનું ઓપરેશન હવે પૂરું થયું છે. જેમાં છેલ્લા ૪ દિવસમાં, બલુચિસ્તાન અને પાકિસ્તાનના અન્ય પ્રાંતોમાં હુમલા કરવામાં આવ્યા છે. બલુચિસ્તાન લિબરેશન ફ્રન્ટે આ બધા હુમલાઓની જવાબદારી લીધી છે. તેને 'ઓપરેશન મ્છછ્ર'નો એક ભાગ ગણાવવામાં આવ્યો છે. BLF એ ૮ જુલાઈએ આ ઓપરેશન શરુ કર્યાની જાહેરાત કરી હતી ત્યારથી સતત હુમલા થઈ રહ્યા હતા. BLF એ દાવો કર્યો છે કે ૯ જુલાઈથી ૧૧ જુલાઈ સુધી તેણે પાકિસ્તાની સેનાના ૭૦ ઠેકાણાઓ પર હુમલા કર્યા હતા. જેમાં પાકિસ્તાની સેનાના ઓછામાં ઓછા ૫૦ સૈનિકો માર્યા ગયા અને ૫૧થી વધુ ગંભીર રીતે ઘાયલ થયા હતા. તેમજ BLF એ પાકિસ્તાનની ગુપ્તચર એજન્સીઓ મિલિટરી ઈન્ટેલિજન્સ (MI) અને ISI ના ૯ એજન્ટને મારી નાખ્યા હતા. BLF એ દાવો કર્યો છે કે 'ઓપરેશન BAAM' દરમિયાન બલૂચ લડવૈયાઓએ ૭ મોબાઈલ



ટાવર અને તેમની મશીનરીને આગ ચાંપી દીધી હતી અને પાકિસ્તાની સેનાની પ્રવૃત્તિઓને રોકવા માટે ૨૨ સ્થળોએ કામચલાઉ ચેકપોસ્ટ સ્થાપિત કરવામાં આવી હતી.BLF એ ૭૨ કલાક સુધી ચાલેલા 'ઓપરેશન મ્છ૭ર'માં ૨૪ ખનિજ વહન કરતા ટ્રક અને ગેસ ટેન્કરનો પણ નાશ કર્યો. આ સાથે, પાંચથી વધુ સર્વેલન્સ ડ્રોન અને ક્વોડકોપ્ટરને તોડી પાડવામાં આવ્યા, જેનાથી પાકિસ્તાનની સર્વેલન્સ સિસ્ટમને નુકસાન થયું. BLF અનુસાર, તેના ૭૦ હુમલાઓમાંથી ૩૦થી વધુ સીધા પાકિસ્તાની સેના અને સરહદ સુરક્ષા દળના કર્મચારીઓ પર કરવામાં આવ્યા હતા, જ્યારે ૨ હુમલા પાકિસ્તાની ગુપ્તચર એજન્સીઓ પર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત મ્ન્હ્ર દ્વારા ૪ હુમલાઓ એમ્બ્યુશ દ્વારા કરવામાં આવ્યા હતા અને એક-એક હુમલો કસ્ટમ્સ અને કોસ્ટ ગાર્ડ પર કરવામાં આવ્યો હતો. ઉપરાંત ૪ હુમલાઓ લેવી ચેકપોસ્ટ પર અને ૪ હુમલાઓ પોલીસ ચોકીઓ પર કરવામાં આવ્યા હતા.આ સમગ્ર ઓપરેશન બલુચિસ્તાનના મકરાન, રેખશાન, કોલવા, સરવન, ઝાલાવાન, કોહ-એ-સુલેમાન, બેલા અને કાચી જેવા વિસ્તારોમાં હાથ ધરવામાં આવ્યું હતું. BLF એ દાવો કર્યો હતો કે પાકિસ્તાનની સરકાર અને સેના સતત બલુચિસ્તાનની સંપત્તિ લૂંટી રહ્યા છે, જેના કારણે બલુચ લડવૈયાઓએ આ હુમલો કર્યો. ૭ મોબાઈલ ટાવર અને તેમની મશીનરીને આગ ચાંપી દીધી હતી.

**ગાઝા અંગે ચોંકાવનારો રિપોર્ટ** — ઇઝરાયલ અને ગાઝા વચ્ચેની લડાઈ ખૂબ જ ભયાનક બની ગઈ છે. બંને દેશો વચ્ચેની લડાઈમાં ગાઝામાં અત્યાર સુધીમાં હજારો લોકો મૃત્યુ પામ્યા

## સહાય કેન્દ્રો નજીક ભોજન-પાણી માટે વલખાં મારતાં ૭૯૮ લોકોનાં મોત

। ગાઝા, તા.૧૩ ।

ઈઝરાયલ અને ગાઝા વચ્ચેની લડાઈ ખૂબ જ ભયાનક બની ગઈ છે. બંને દેશો વચ્ચેની લડાઈમાં ગાઝામાં અત્યાર સુધીમાં હજારો લોકો મૃત્યુ પામ્યા છે. પરંતુ ગાઝામાં લોકો ફક્ત ઈઝરાયલી હુમલાઓમાં જ મૃત્યુ પામ્યા નથી, પરંતુ ખોરાક અને પાણી મેળવવાનો પ્રયાસ કરતી વખતે પણ મોટી સંખ્યામાં લોકો મૃત્યુ પામ્યા છે.સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર કાર્યાલયે (OHCHR) ૧૧ જુલાઈ, ૨૦૨૫માં એક નિવેદન જાહેર કર્યું છે. તેના નિવેદનમાં સંયુક્ત રાષ્ટ્ર માનવ અધિકાર કાર્યાલયે જણાવ્યું હતું કે તેણે ઓછામાં ઓછા ૭૯૮ પેલેસ્ટિનિયનોના



મૃત્યુ નોંધ્યા છે, જેમાં ૬૧૫ મૃત્યુ યુએસ અને ઈઝરાયલ સમર્થિત ગાઝા હ્યુમેનિટેરિયન ફાઉન્ડેશન (GHF) ના કેન્દ્રોની આસપાસ થયા છે. જ્યારે ૧૮૩ મૃત્યુ અન્ય રાહત જૂથોના કાફલાના માર્ગ પર થયા છે. 'ૐઝૐઈ અનુસાર, મોટાભાગના ઘાયલો ગોળીબારથી ઘાયલ થયા હતા. આ પરિસ્થિતિ માનવતાવાદી નિષ્પક્ષતાના ધોરણોનું ઉલ્લંઘન કરે છે.

GHF એ યુએનના આંકડાઓને ખોટા અને ગેરમાર્ગે દોરનારા ગણાવીને ફગાવી દીધા. તેણે દાવો કર્યો હતો કે સૌથી ઘાતક હુમલાઓ યુએન કાફલાઓ સાથે જોડાયેલા હતા. GHF કહે છે કે અમે પાંચ અઠવાડિયામાં ગાઝામાં ૭૦ મિલિયનથી વધુ ફૂડ પેકેટનું વિતરણ કર્યું છે, જ્યારે અન્ય માનવતાવાદી જૂથો તરફથી મળતી સહાય હમાસ અથવા ગુનાહિત ગેંગ દ્વારા લૂંટાઈ હતી.' બીજી બાજુ, યુએનએ સહાય લૂંટની ઘટનાઓની પુષ્ટિ કરી છે. વર્લ્ડ ફૂડ પ્રોગ્રામે અહેવાલ આપ્યો છે કે ગાઝામાં ખોરાક લઈ જતી મોટાભાગના ટ્રકોને ભૂખ્યા લોકોએ રોકી હતી.

ઈઝરાયલે કહ્યું કે, 'અમે અમારી લશ્કરી કાર્યવાહી દરમિયાન સહાય પુરવઠો હમાસના હાથમાં ન જાય તે માટે વાડ અને ચિહ્નો ઉભા કરવા જેવા પગલાં લઈ રહ્યા છીએ. જોકે ગાઝામાં ૨૧ મહિનાથી ચાલી રહેલી લશ્કરી કાર્યવાહીને કારણે ખોરાક અને અન્ય મૂળભૂત પુરવઠાની તીવ્ર અછત સર્જાઈ છે. ૨.૩ મિલિયન વસ્તીમાંથી મોટાભાગના લોકો વિસ્થાપિત થયા છે. OHCHR એ આ હિંસક ઘટનાઓના કારણો શોધવા માટે સહાય મેળવવાનો પ્રયાસ કરતી વખતે માર્યા ગયેલા લોકોની તપાસ કરવાની હાકલ કરી છે.

ઈઝરાયલ અને ગાઝા વચ્ચેની લડાઈ ખૂબ જ ભયાનક બની ગઈ છે. બંને દેશો વચ્ચેની લડાઈમાં ગાઝામાં અત્યાર સુધીમાં હજારો લોકો મૃત્યુ પામ્યા છે.




































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya